Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTERED No. B. 156.

श्री

# જૈન ધર્મ પ્રકાશ.

वंद्यास्तीर्थकृतः सुरेंद्रमहिताः पूजां विधायामलां ।
सेव्याः सन्मुनयश्च पूज्यचरणाः श्राव्यं च जैनं वचः ॥
सच्छीलं परिपालनीयमतुलं कार्यं तपो निर्मलं ।
ध्येया पंचनमस्कृतिश्च सततं भाव्या च सद्भावना ॥१॥

પુસ્તક ૩૨ મું.] ભાદ્રપદ. સંવત ૧૯૭૨. વીર સંવત ૨૪૪૨. [અંક ૬ ઠો.

પ્રગટ કર્તા,
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.

अनुक्रमणिका.

૧ સમ્યક્ત્વીનું ચંદર. ( પદ્ય ) ... ... ... ... ... ૧૭૩
૨ [illegible]. ( પદ્ય ) ... ... ... ... ... ... ૧૭૪
૩ પ્રશમરતિ પ્રકરણ. અર્થ વિવેચનયુક્ત. ... ... ... ... ૧૭૫
૪ યોગ્યાયોગ્ય શિષ્ય પરીક્ષા. ... ... ... ... ... ૧૮૩
૫ ઉચિતેષુ કુરુ દયાં ( બારમું સૌજન્ય. ) ... ... ... ... ૧૮૫
૬ ચંદ્રરાજાના રાસ ઉપરથી નીકળતો સાર. ... ... ... ... ૧૯૬
૭ [illegible]ના મુનિરાજ તરફથી લખાતા પત્રો. ... ... ... ૨૦૪

ભાવનગર—શ્રી આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શા. ગુલાબચંદ લલ્લુભાઈએ છાપ્યું.

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) પોસ્ટેજ રૂ. ૦-૪-૦ ભેટના પોસ્ટેજ સહિત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અમારૂં પુસ્તક પ્રસિદ્ધિ ખાતું.

### ૧ હાલમાં છપાય છે.

૧ શ્રી કર્મપ્રકૃતિ ગ્રંથ, શ્રી યશોવિજયજી ઉપાધ્યાય કૃત મોટી ટીકાયુક્ત.
૨ શ્રી ઉપદેશ સપ્તતિકા ગ્રંથ. મોટી ટીકાયુક્ત.
૩ યંત્રપૂર્વક કર્મગ્રંથાદિ વિચાર ( પુસ્તકાકારે )
૪ શ્રી શાંતિનાથ ચરિત્ર, પદ્યબંધ. સંસ્કૃત.
૫ શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર. પર્વ ૮—૯ ભાષાંતર.
૬ શ્રી પાંચ પ્રતિક્રમણ સૂત્ર ગુજરાતી ( શિલાછાપ )
૭ શ્રી ચંદરાજાનો રાસ. ભાવાર્થ ને રહસ્યયુક્ત. ( ગુજરાતી )

### ૨ તૈયાર હોવાથી હવે છપાવા શરૂ થશે.

૮ શ્રી ઉપદેશ પ્રસાદ ગ્રંથ મૂળ. સ્થંભ ૭ થી ૧૨. સંસ્કૃત.
૯ શ્રી સપ્તતિકા ( છઠ્ઠા કર્મગ્રંથ ) ની ભાષ્ય. ટીકાયુક્ત.
૧૦ શ્રી પરિશિષ્ટ પર્વ ભાષાંતર.
૧૧ શ્રી કર્પૂર પ્રકર ગ્રંથ મોટી ટીકાયુક્ત.
૧૨ શ્રી હૈમલઘુ પ્રક્રિયા વ્યાકરણ. આવૃત્તિ ૨ જી.

### ૩ તૈયાર થાય છે.

૧૩ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર ગદ્યબંધનું ભાષાંતર.
૧૪ શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથાનું ભાષાંતર.
૧૫ શ્રી હેમચંદ્રાચાર્ય ચરિત્ર. ( સ્વતંત્ર લેખ )
૧૬ શ્રી હિરસૌભાગ્ય મહાકાવ્યનું ભાષાંતર.
૧૭ શ્રી બૃહત્પ્રદીપ ષટ્ત્રિંશિકા સટીક ભાષાંતર.
૧૮ શ્રી ઉપદેશ પ્રાસાદ ગ્રંથ, મૂળ. સ્થંભ ૧૩ થી ૨૪. સંસ્કૃત.

ઉપર જણાવેલા ગ્રંથો પૈકી નંબર. ૯—૧૦—૧૨—૧૩—૧૪—૧૫—૧૬—૧૮ માટે કોઈ ઉદાર ગૃહસ્થ સહાય આપવા ઇચ્છા જણાવશે તો તેમની ઇચ્છાનુસાર તેમનું નામ જોડીને પ્રકટ કરવામાં આવશે. તંત્રી

### લાઈફ મેમ્બરોને ભેટ.

આ સભાના લાઈફ મેમ્બરોને તરતમાં ભેટ તરીકે મોકલવાને મુકરર થયેલ બુકો ૪ ( શ્રીપાળ રાસ અર્થ રહસ્ય યુક્ત, શ્રી યુગાદિદેશના ભાષાંતર, શ્રી પ્રિયંકર ચરિત્ર ભાષાંતર, તથા શ્રી ભુવનભાનુ કેવળી ચરિત્ર ભાષાંતર ) તૈયાર થયેલ છે, જે થોડા વખતમાં મોકલવામાં આવશે, અગાઉથી ખબર પણ સાથે મોકલશું.

### વાર્ષિક મેમ્બરોને ભેટ.

આ સભાના હરેક મેમ્બરોને ભેટ તરીકે આપવાને મુકરર થયેલી શ્રીપાળરાસ યુગાદિદેશના ભાષાંતર અને પ્રિયંકર ચરિત્ર આ ત્રણે બુકો સાથેની વી. પી. થી મોકલવામાં આવશે. હરેક મેમ્બરોએ તે વી. પી. સ્વીકારી લેવાનું ધ્યાનમાં રાખવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश.

पिता योगाभ्यासो विषयविरतिः सा च जननी ।
विवेकः सोदर्यः प्रतिदिनमनीहा च भगिनी ॥
प्रिया क्षांतिः पुत्रो विनय उपकारः प्रियसुहृत् ।
सहायो वैराग्यं गृहमुपशमो यस्य स सुखी ॥

પુસ્તક ૩૨ મું. ] ભાદ્રપદ. સંવત ૧૯૭૨. વીર સંવત ૨૪૪૨. [ અંક ૬ ઠ્ઠો.

## सम्यक्त्वीनुं अंतर.

( સોરઠની લયમાં. )

એવા સજ્જન સમકિતવંત જનો વિરલા હશે રે.
શત્રુ મિત્રમાં ભેદ ન રાખે, સમરસ ભાવ–સુધારસ ચાખે;
ભાખે સત્ય સદા સત્પથથી નવ ખસે રે. એવા૦
રગરગમાં કરૂણાથી ભરિયા, ગુણ–મુક્તાફળના જે દરિયા;
તરિયા મોહ [1]સ્વયંભૂ પ્રવચન–[2]નોાવથી રે. એવા૦
પ્રબળ કષાય ન વરતે ચારે, સ્યાદ્વાદ–મુદ્રાને ધારે;
મારે મસ્ત મદનને જ્ઞાને ઉલ્લસે રે. એવા૦
પરમારથ–સાધનમાં પૂરા, વ્યવહારે નવ લેશ અધૂરા;
શૂરા સંકટમાં પણ નિજ ધર્મે વસે રે. એવા૦
જળ પંકજ સમ ભવથી ન્યારા, શાસનના અનુપમ શણગારો;
પ્યારા ગુણી જનને તે નિશદિન ભાવશે રે. એવા૦

રત્નસિંહ દુમરાકર.

૧ મોહરૂપી સ્વયંભૂ રમણ સમુદ્ર. ૨ વહાણથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સજ્જનતા વિષે.

( સવૈયા–એકત્રીશા. )

હોય સવાયા સર્વથકી પણ ગુણ તણો નહિ જેને ગર્વ,
મધુર વચન વદતા મુખ કાયમ ચતુર થઇ આખે ફળ સર્વ;
દિર્ઘ વિચારપૂર્વક કીધેલા કાર્ય સદા જેના વખણાય,
વર્તન શુભ ધરિ વય ગાળે સજ્જન તે જગમાં કહેવાય. ૧

ઝેર જરાય ધરે નહિ જીભે વડું વસાવે નહિ જે વેર,
અકળ કળા ધારે અંતરમાં ચાહે સહુને રૂડી પેર;
જેમ જેમ વધતા જાયે ત્યમ લઘુતા વાધે અંતરમાંય,
વર્તન શુભ ધરિ વય ગાળે સજ્જન તે જગમાં કહેવાય. ૨

વિદ્યા વાણી વિત્ત સાંપડ્યા હોયે સજ્જન નરને જેહ,
વાવરતા વિવેક સહિત શુભ સ્થળ લાગેલો જેને નેહ;
દુર્જન હસ્ત જતાં જગમાં ઉપયોગ જેહનો અવળો થાય,
વર્તન શુભ ધરિ વય ગાળે સજ્જન તે જગમાં કહેવાય. ૩

મર્યાદા મૂકે નહિ લડતાં સજ્જનતા અંતર જો હોય,
કુળવાન્ સ્ત્રીનું હસવું જ્યમ નિરખો કાયમ હોઠે હોય;
સજ્જનને સંતાપી આખર હલકા જન હાથે પસ્તાય,
વર્તન શુભ ધરિ વય ગાળે સજ્જન તે જગમાં કહેવાય. ૪

સજ્જન જન સ્નેહી સરવેના દુષ્ટ તણે મન લાગે કાળ,
જગત ચક્ષુ રવિ જાણુ જગતમાં ઘૂડ તણે મન તે વિકરાળ;
હરકત કોઇ કરે સજ્જનને કલેશ નહિં ધરતા મનમાંય,
વર્તન શુભ ધરિ વય ગાળે સજ્જન તે જગમાં કહેવાય. ૫

તરૂવર પાર વિનાનાં જગમાં પણ સુરતરૂ ભાગ્યે ભેટાય,
હીરા હોય હજારો સ્થળમાં કોહિનૂર તો ક્યાંક કળાય;
બહુ પૃથ્વિ જળક્ષારમયી પણ નિર્મળ જળ તો અલ્પ જણાય,
વર્તન શુભ ધરિ વય ગાળે સજ્જન તે જગમાં કહેવાય. ૬

ગુણ અમૂલ્ય સજ્જનતા જગમાં પામત કોણ ખરચીને મૂલ,
શીખવ્યાથી શીખાય નહિં જે ફાલેલી ન તરૂવર ફૂલ;
દેશ વિદેશ વિષે ન મળે પણ સમભાવે આધિન જણાય,
વર્તન શુભ ધરિ વય ગાળે સજ્જન તે જગમાં કહેવાય. ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિજ આત્માવત્ ગણે સર્વને પરદુઃખે જસ પ્રાણ દુભાય,
કાયર નહિં કરવામાં કાયમ દિન જનોને દિલથી સ્હાય;
દુર્લભ નરભવ સફળ કરે નિજ અવર પ્રતે અતિશે સુખદાય,
વર્તન શુભ ધરિ વચ ગાળે સજ્જન તે જગમાં કહેવાય. ૮

દુર્લભજી વિ૦ ગુલાબચંદ મહેતા–વળા.

# प्रशमरति प्रकरण.

[ અર્થ વિવેચન યુક્ત. ]

( અનુસંધાન પૃષ્ટ ૧૪૭. )

પૂર્વોક્ત નિઃસ્પૃહતા અનિત્યાદિ દ્વાદશ ભાવનાનો સતત્ અભ્યાસ કરવાથી પ્રાપ્ત થઇ શકે છે તેથી શાસ્ત્રકાર ઉક્ત ભાવનાનો અધિકાર અત્ર પ્રસ્તાવે કહે છે.

भावयितव्यमनित्यत्वमशरणत्वं तथैकतान्यत्वे ।
अशुचित्वं संसारः कर्मास्रवसंवरविधिश्च ॥ १४९ ॥
निर्जरणलोकविस्तरधर्मस्वाख्याततत्त्वचिन्ताश्च ।
बोधेः सुदुर्लभत्वं च भावना द्वादश विशुद्धाः ॥ १५० ॥

**ભાવાર્થ**:—અનિત્ય, અશરણ, એકત્વ, અન્યત્વ, અશુચીત્વ, સંસાર, આશ્રવ, સંવર, નિર્જરા, લોકસ્વરૂપ, સત્ધર્મસ્વરૂપ ચિંતન, અને સમ્યક્ત્વ–બોધિ દુર્લભતા, એવી રીતે દ્વાદશ વિશુદ્ધ ભાવના ભાવવી. ૧૪૯–૧૫૦

વિવેચન–સંસારમાં સર્વે સ્થાનો અનિત્ય છે, કંઇ નિત્ય નથી એ રીતે સદાય દિનરાત **અનિત્યતા** ચિન્તવવી, જન્મ જરા મરણથી પરાભવ પામેલા જીવોને ક્યાંય શરણ નથી એ રીતે **અશરણતા** ચિન્તવવી, જ્ઞાનદર્શન સંયુક્ત હું સ્વાશ્રયી સ્વતંત્ર જ છું, બીજા કોઇને આધીન નથી–પરાધીન નથી એ રીતે **એકત્વતા** ચિન્તવવી, સ્વજનો અને ધનધાન્યાદિક સર્વથી હું ન્યારો છું એ રીતે **અન્યત્વતા** ભાવવી, અશુચિથી ઉત્પન્ન થયેલું અને શુચિ વસ્તુને પણ અશુચિ કરી દેનારૂં શરીર અશુચિમય જ છે એ રીતે શરીરની **અશુચિતા** ચિન્તવવી, સંસાર સ્ટેજ ઉપર જીવો કર્મવશવર્તીપણે વિવિધ પ્રકારના નાચ નાચે છે એ રીતે **સંસાર** ભાવના ભાવવી, ઇંદ્રિય, કષાય, અવ્રત, અને યોગ ( મન વચન કાયા ) ની મોકળાશથી એ દ્વારા વિવિધ કર્મ આવ્યાં કરે છે એ રીતે **આશ્રવ** ભાવના અને એ બધાંય કર્મને આવવાનાં દ્વાર બંધ કર્યેજ છૂટકો છે એ રીતે **સંવર** ભા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વના ચિન્તવવી, અંતર લક્ષ સાથે સમતા સહિત દ્વાદશ વિધ તપ તપવાવડે જ પૂર્વકૃત કર્મોનો નાશ થઇ શકશે એ રીતે **નિર્જરા** ભાવના ભાવવી, ઉર્ધ્વ, અધો ને તીર્છા લોકમાં સર્વત્ર અનાદિ સંસારચક્રમાં જીવે અજ્ઞાન અને મિથ્યાત્વાદિક યોગે પરિભ્રમણ કર્યું છે એ રીતે **લોકસ્વભાવ** ભાવના ભાવવી, જિનેશ્વર દેવોએ ભવ્ય જીવોના હિત માટે ક્ષમાદિ દશ પ્રકારનો બહુ રૂડો ધર્મ દર્શાવ્યો છે એ રીતે **ધર્મ સ્વાખ્યાત** ભાવના, અને મનુષ્ય જન્મ, કર્મભૂમિ, આર્ય દેશ, ઉત્તમ કુળ, નિરોગી શરીર તેમજ દીર્ઘ આયુષ્ વિગેરે સત્સામગ્રી પ્રાપ્ત થયે છતે પણ શ્રી વીતરાગ વચનાનુસારે તત્ત્વબોધ અને તત્ત્વશ્રદ્ધા પ્રાપ્ત થવી બહુ દુર્લભ છે એ રીતે **બોધિદુર્લભ** ભાવના અહર્નિશ ભાવવી.—એ રીતે દ્વાદશ ભાવના સદાય ચિંતવવી. ૧૪૯—૫૦

હવે શાસ્ત્રકાર એકેક કારિકાવડે એક એક ભાવનાનું સ્વરૂપ કથે છે તેમાં પ્રથમ અનિત્ય ભાવના બોધે છે.

**इष्टजनसंप्रयोगर्द्धिविषयसुखसंपदस्तथारोग्यम् ।**
**देहश्च यौवनं जीवितं च सर्वाण्यनित्यानि ॥ १५१ ॥**

**ભાવાર્થ:**—ઇષ્ટજન સંયોગ, સમૃદ્ધિયુક્ત વિષયસુખ સંપદા, તથા આરોગ્ય, દેહ, યૌવન અને જીવિત એ સર્વ અનિત્ય છે. ૧૫૧

વિ૦—ઇષ્ટજનો સાથેનો સંયોગ અનિત્ય છે, પ્રાપ્ત થયેલી સઘળી સંપદા અનિત્ય છે, શબ્દાદિક વિષયજનિત સુખ અનિત્ય છે, અને આરોગ્ય પણ અનિત્ય—અસ્થિર છે, તેમજ ગમે તેટલું પાલનપોષણ કરેલું શરીર, યૌવન અને આયુષ્ એ સઘળા અનિત્ય—જોતજોતામાં દ્રષ્ટ નષ્ટ થઇ જાય એવાં છે. એ રીતે સર્વ વસ્તુની અનિત્યતા ચિંતવતાં તેમાં સ્નેહ—રાગ થાય નહિ અને નિ:સંગપણે મોક્ષમાર્ગમાં પ્રવર્તાય છે. ૧૫૧

હવે શાસ્ત્રકાર બીજી અશરણ ભાવના આશ્રી સ્વરૂપ નિવેદન કરે છે.

**जन्मजरामरणभयैरभिद्रुते व्याधिवेदनाग्रस्ते ।**
**जिनवरवचनादन्यत्र नास्ति शरणं क्वचिल्लोके ॥ १५२ ॥**

**ભાવાર્થ:**—જન્મ જરા અને મરણના ભયથી વ્યાપ્ત અને વ્યાધિ વેદનાથી ગ્રસ્ત એવા લોકને વિષે શ્રીજિનેશ્વર ભગવાનના વચનથકી અન્યત્ર કયાંય શરણ નથી. ૧૫૨

વિ૦—રાગ દ્વેષ અને મોહવશવર્તીપણાવડે જન્મ જરા અને મરણ સંબંધી ભયથી ભરેલા તેમજ જ્વર, અતિસાર, ક્ષય પ્રમુખ અનેક રોગ તથા શરીર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંબંધી અને મન સંબંધી અનેક પ્રકારની વેદનાથી વ્યાપ્ત એવા પ્રાણીઓને શ્રી વીતરાગ સર્વજ્ઞ પરમાત્માએ અર્થથી ઉપદિશેલા અને ગણધર મહારાજાઓએ સૂત્રથી ગુંથેલાં પ્રવચન ( સત્શાસ્ત્ર ) વગર બીજે કયાંય ત્રાણ–શરણ–આધાર નથી તેથી તેનુંજ શરણ કર્તવ્ય છે. ૧૫૨

હવે શાસ્ત્રકાર ત્રીજી એકત્વ ભાવના આશ્રી સ્વરૂપ સમજાવે છે.

एकस्य जन्ममरणे गतयश्च शुभाशुभा भवावर्ते ।
तस्मादाकालिकहितमेकेनैवात्मनः कार्यम् ॥ १५३ ॥

**ભાવાર્થ**:—સંસારચક્રમાં ફરતાં એકલાને જન્મમરણ કરવાં પડે છે, અને શુભાશુભ ગતિમાં જવું પડે છે, તેથી આત્માએ એકલા પોતેજ પોતાનું અક્ષય આત્મહિત સાધવું. ૧૫૩

વિ૦—એકલા પોતાનેજ જન્મ મરણ કરવાં પડે છે અર્થાત્ જન્મતાં તેમ-જ મરતાં કોઇ બીજું સ્વજનાદિક સહાયરૂપ થતું નથી. વળી કરેલાં કર્મ અનુસારે સંસારચક્રમાં ફરતાં દેવ મનુષ્યાદિક શુભ ગતિમાં અને નરકાદિ અશુભગતિમાં જીવ પોતેજ જાય છે. ત્યાં ત્યાં જીવને પોતાનેજ જન્મમ-રણના દુઃખ–વિપાક ભોગવવાં પડે છે, તે દુઃખ વેદવા કોઈ બીજો આવતો નથી, તેથી આત્માએ પોતેજ સ્વાશ્રયી બની, સઘળી પરાધીનતા ત્યજીને, સંયમ અનુષ્ઠાનવડે પોતાનું અત્યંત હિત સાધી લેવું જરૂરનું છે. ૧૫૩

હવે શાસ્ત્રકાર ચોથી અન્યત્વ ભાવનાનું સ્વરૂપ પ્રતિપાદન કરે છે.

अन्योऽहं स्वजनात्परिजनाच्च विभवाच्छरीरकाच्चेति ।
यस्य नियता मतिरियं न बाधते तं हि शोककलिः ॥ १५४ ॥

**ભાવાર્થ**:—હું સ્વજનથી, પરિજનથી, વૈભવથી અને શરીરથી જુદો છું એવી જેની નિશ્ચિત મતિ છે તેને શોક સંતાપ સંભવતો નથી. ૧૫૪

વિ૦—'માતાપિતા, પુત્ર કલત્રાદિકથી હું ન્યારો છું, દાસ દાસી પ્રમુખ પરિજનથી હું ન્યારો છું, તેમજ ધન ધાન્યાદિક અને સુવર્ણ રજતાદિક વૈભવથી હું ન્યારો છું અને અનેક પ્રકારના વિષય ઉપભોગના સ્થાનરૂપ દેહથી પણ હું ન્યારો ( જૂદો ) છું' આવી આલોચનાવાળી બુદ્ધિ જેને રાતદિન બની રહે છે તેને શોક કલેશ પીડી શકતો નથી. માટે અવશ્ય અન્યત્વ ભાવના સેવવી. ૧૫૪

હવે શાસ્ત્રકાર અશુચિત્વ ભાવના સંબંધી સ્વરૂપ નિરૂપણ કરે છે.

अशुचिकरणसामर्थ्यादाद्युत्तरकारणाशुचित्वाच्च ।
देहस्याशुचिभावः स्थाने स्थाने भवति चिन्त्यः ॥ १५५ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવાર્થ:—અશુચિથી ઉત્પન્ન થયેલા, અશુચિથી વૃદ્ધિ પામેલા અને અન્યને પણ અપવિત્ર કરનારા એવા દેહનો અશુચિ ભાવ દરેક સ્થાને ચિંતવવો. ૧૫૫

વિ૦—પવિત્ર વસ્તુને પણ અપવિત્ર કરી નાખવાનું શરીરમાં સામર્થ્ય-શક્તિ છે, અર્થાત્ કર્પૂર, ચન્દન અને કેશરાદિક સુગંધી પવિત્ર પદાર્થો પણ આ દેહના સંસર્ગથી અપવિત્ર–દુર્ગંધવાળા બની જાય છે એ દેખીતી વાત છે. તેમજ આ દેહનું આદિ કારણ પિતાનું વીર્ય અને માતાનું રૂધિર અને પછીનું કારણ માતાએ કરેલો આહાર:રસહરણી વાટે આવેલો તેનું આસ્વાદન એ બંને કારણો અશુચિમય છે, તેથીજ તેના કાર્યરૂપે થયેલો–નિપજેલો આ દેહ પણ અશુચિમય છે. એમ શરીરના પ્રત્યેક અવયવે ચિન્તવન કરવું, અર્થાત્ દેહમાં સર્વત્ર ચામડીથી ઢાંકેલી વિવિધ પ્રકારની અશુચિજ ભરેલી છે. આવી સતત ભાવનાથી આ દેહ ઉપર મૂર્છા–મમતા થતી અટકે છે. ૧૫૫

હવે શાસ્ત્રકાર સંસાર ભાવના આશ્રી સ્વરૂપ નિવેદન કરે છે.

माता भूत्वा दुहिता भगिनी भार्या च भवति संसारे ।
व्रजति सुतः पितृतां भ्रातृतां पुनः शत्रुतां चैव ॥ १५६ ॥

ભાવાર્થ:—માતા થઇને પુત્રી, બ્હેન, અને ભાર્યા આ સંસારને વિષે થાય છે, તેમજ પુત્ર થઈને પિતા, ભાઇ અને શત્રુ પણ થાય છે. ૧૫૬

વિ૦—સંસારમાં પરિભ્રમણ કરતાં પ્રાણીઓની જે એક વખતે માતા હોય છે તેજ પાછી કર્મ પરવશતાથી પુત્રી, ભગિની અને ભાર્યા પણ થાય છે તથા એક વખતે જે પુત્ર થયો હોય તેજ પુનઃ કર્મયોગે પિતા ભાઇ અને શત્રુ પણ થવા પામે છે. તેથી આ ચરાચર જગતમાં સર્વે જીવો અસ્સપરસ પિતાપણે, માતાપણે, પુત્રપણે, અને શત્રુપણે પણ અનેકધા સંબંધમાં આવી ગયેલા જાણવા. આ ભાવનાના સતત્ અભ્યાસયોગે અમુક ઉપર રાગબુદ્ધિ અને બીજાની ઉપર દ્વેષબુદ્ધિ રહેતી હોય તે શાન્ત થઇ જવા પામે છે. ૧૫૬

હવે શાસ્ત્રકાર આશ્રવ ભાવનાનું સ્વરૂપ નિવેદન કરતા સતા કહે છે.

मिथ्यादृष्टिरविरतः प्रमादवान् यः कषायदण्डरुचिः ।
तस्य तथास्रवकर्माणि यतेत तन्निग्रहे तस्मात् ॥ १५७ ॥

ભાવાર્થ:—જે પ્રાણી મિથ્યાદૃષ્ટિ, અવિરતિ, પ્રમાદી અને કષાય તથા યોગને વિષે રૂચિવંત છે તેનામાં કર્મનો પ્રવાહ ચાલ્યો આવે છે, તે માટે તેનો નિરોધ કરવા યત્ન કરવો. ૧૫૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિ૦—શ્રી તીર્થંકર દેવનાં તત્ત્વ વચન ઉપર અશ્રદ્ધા લક્ષણ મિથ્યાત્વ યોગે કર્મબંધન થાય છે અને સમ્યગ્દૃષ્ટિ ( સમકિતવંત ) છતાં જે પ્રાણાતિપાતાદિક પાપસ્થાનકો સેવે છે તે તથા દેશવિરતિ કે સર્વવિરતિ અંગીકાર કર્યા છતાં વિષય કષાય અને વિકથાદિક પ્રમાદવશ રહે છે તે પણ કર્મ બંધન કરે છે. કષાય પ્રમાદ વધારે બળવાન્ હોવાથી તે જૂદો ગણાવ્યો છે. વળી મન વચન અને કાયાના અસદ્ વ્યાપારથી પણ કર્મબંધન થાય છે. મનવડે આર્ત્ત રૌદ્રધ્યાન–પરિણામથી, વચનવડે હિંસક અને કઠોર વાણી વદવાથી, તેમજ કાયાવડે જયણા રહિત અનેક પ્રકારની ક્રિયા કરતાં કર્મબંધન થાય છે. અર્થાત્ એ બધાંવડે આત્મા દંડાય છે. અને તેથીજ જન્મમરણનાં દુઃખ ભોગવતાં ભવ ભવમાં ભટકવું પડે છે. એમ સમજી ઉપર જણાવેલાં બધાંય કર્મનાં દ્વાર જેમ બને તેમ સંવરવા યત્ન કરવો જોઇએ. પૂર્વોક્ત પ્રમાદયોગેજ ઘણાં કર્મ બંધાય છે અને પ્રમાદ તજવાથી કર્મબંધ થતો અટકે છે. ૧૫૭

હવે પ્રસંગાગત સંવરભાવનાનું સ્વરૂપ નિરૂપણ કરતા છતા શાસ્ત્રકાર કહે છે.

या पुण्यपापयोरग्रहणे वाक्कायमानसी वृत्तिः ।
सुसमाहितो हितः संवरो वरददेशितश्चिन्त्यः ॥ १५८ ॥

ભાવાર્થ: —પુન્ય પાપને નહિ ગ્રહણ કરવામાં જે મન, વચન, કાયાની વૃત્તિ તે આપ્ત પુરૂષોએ ઉપદિશેલો, અત્યંત સમાધિવાળો અને હિતકારી સંવર ચિંતવવા યોગ્ય છે. ૧૫૮

વિ૦–પુણ્ય કર્મ શાતાદિરૂપ અને પાપકર્મ જ્ઞાનાવરણાદિરૂપ તેવાં પુન્ય પાપથી અલગા રહેવાય એવી જે મનવચન કાયાની વૃત્તિ ( વ્યાપાર ) તેજ પરમ સુખદાયી–હિતકારી **સંવર** શ્રી તીર્થંકર દેવોએ ઉપદિશ્યો છે એમ ચિન્તવન કરવું. એથી આશ્રવરૂપ પુન્ય પાપનાં દ્વાર બંધ થશે અને સંસાર પરિભ્રમણ થતું અટકવા પામશે. ૧૫૮

હવે શાસ્ત્રકાર નિર્જરા ભાવના આશ્રી નિરૂપણ કરે છે.

यद्वद्विशोषणादुपचितोऽपि यत्नेन जीर्यते दोषः ।
तद्वत्कर्मोपचितं निर्जरयति संवृतस्तपसा ॥ १५९ ॥

ભાવાર્થ:—જેમ વૃદ્ધિ પામેલો દોષ લંઘનથકી યત્નવડે ક્ષીણ થાય છે, તેમ એકઠાં થયેલાં કર્મ, સંવરયુક્ત પુરૂષ તપવડે ક્ષીણ કરી નાંખે છે. ૧૫૯

વિ૦—આશ્રવનાં દ્વાર બંધ કરવાથી નવાં કર્મ આવી શકતાં નથી અને પૂરાણાં કર્મ પણ તપયોગથી અનુક્રમે ક્ષય થાય છે. કેવી રીતે ? તે દ્રષ્ટાંતથી શાસ્ત્રકાર પોતેજ બતાવે છે. જેમ આહાર ત્યાગ કરવા યોગે–લંઘનવડે ભારે વૃદ્ધિ પામેલા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અજીર્ણ વિકારથી પીડા પામનારના આમાદિક દોષો ઉપશાન્ત થાય છે--ક્ષય પામે છે તેમ સંસારમાં ભમતાં સંચેલાં જ્ઞાનાવરણીયાદિક કર્મના વિકાર પણ વિવિધ તપયોગે મંદ પડીને અનુક્રમે ક્ષય પામે છે. શુદ્ધ શ્રદ્ધાન પૂર્વક સમતા સહિત દ્વાદશવિધ તપયોગથી નિકાચિત કર્મ પણ ક્ષય પામે છે તો પછી બીજાં કર્મનું તો કહેવુંજ શું ? એ રીતે સકળ કર્મ દોષ દૂર થયે નિજ આત્મકંચન શુદ્ધ–નિર્મળ થાય છે, જેથી પછી જન્મ જરા મરણ સંબંધી સકળ દુઃખ રહિત અક્ષય અવ્યાબાધ સુખમય મોક્ષપદની પ્રાપ્તિ થાય છે. ૧૫૯.

હવે શાસ્ત્રકાર લોકભાવના સંબંધી સ્વરૂપ જણાવે છે.

लोकस्याधस्तिर्यग्विचिन्तयेदूर्ध्वमपि च बाहल्यम् ।
सर्वत्र जन्ममरणे रूपिद्रव्योपयोगांश्च ॥ १६० ॥

ભાવાર્થ:—ઉર્ધ્વ, અધો અને તીર્છા લોકનું સ્વરૂપ, તેનો વિસ્તાર, સર્વત્ર જન્મ મરણ, રૂપી દ્રવ્ય અને ઉપયોગનું ચિંતવન કરવું. ૧૬૦.

વિ૦—લોક એ જીવ અને અજીવ ( ધર્માસ્તિકાયાદિ ) નું આધાર ક્ષેત્ર છે. તેનું ઉર્ધ્વ અધો ને તીર્છા લોકવિભાગે ચિન્તવન કરવું અને તેનો વિસ્તાર ચિન્તવવો. અધોલોક વિસ્તારપણે સાત રજ્જુ પ્રમાણ છે. તીર્છોલોક એક રજ્જુ પ્રમાણ છે અને ઉર્ધ્વ બ્રહ્મલોકે પાંચ રજ્જુ પ્રમાણ અને ઠેઠ છેડે એક રજ્જુ પ્રમાણ વિસ્તારે છે. સર્વ મળીને ઉંચો ૧૪ રજ્જુ પ્રમાણ છે. ઉક્ત લોકમાં આ જીવે સર્વત્ર જન્મ મરણ કર્યાં છે. એક તિલતુષ માત્ર પણ લોકાકાશ ભાગ બાકી ( ખાલી ) રહ્યો નથી કે જ્યાં આ જીવે જન્મ મરણ કરેલાં ન હોય. તેમજ પરમાણુથી માંડી અનંતાનંત પરમાણુનાં સ્કંધ પર્યન્ત જે કોઈ રૂપી દ્રવ્યો છે તે સર્વેનો મન, વચન, કાયા, આહાર, ઉશ્વાસ અને નિઃશ્વાસાદિ રૂપે પરિભોગ આ જીવે અનાદિ સંસાર પર્યટન કરતાં કર્યો છે તેમ છતાં એ તૃપ્તિ પામ્યો નથી ( એ ભારે આશ્ચર્યની વાત છે) એમ પ્રતિક્ષણ ચિન્તવવું. એ ભાવનાથી વૈરાગ્ય જાગે છે અને અપ્રતિબદ્ધપણે મોક્ષમાર્ગમાં પ્રવર્તી શકાય છે. ૧૬૦

હવે શાસ્ત્રકાર સ્વાખ્યાત ધર્મભાવનાનું સ્વરૂપ પ્રતિપાદન કરે છે.

धर्मोऽयं स्वाख्यातो जगद्धितार्थं जिनैर्जितारिगणैः ।
येऽत्र रतास्ते संसारसागरं लीलयोत्तीर्णाः ॥ १६१ ॥

ભાવાર્થ:—જેમણે અંતરંગ શત્રુઓને જીત્યા છે એવા જિનેશ્વરોએ જગતના હિતને માટે આ ચારિત્રધર્મ સારી રીતે પ્રરૂપેલો છે. તેમાં જે રક્ત થયેલા છે તે સંસારસમુદ્રને લીલામાત્રમાં પાર પામેલા સમજવા. ૧૬૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિ૦—શ્રુત ધર્મ અને ચારિત્ર ધર્મ, પ્રાણીઓના કલ્યાણ અર્થે, રાગાદિ દોષ વર્જિત તીર્થંકર દેવોએ નિર્દોષ રીતે પ્રરૂપ્યો છે. રાગાદિક વિકારવાળાથી નિર્દોષ ધર્મ સ્પષ્ટરીતે પ્રરૂપી શકાય નહિ. અન્ય ધર્મોમાં તેમજ તેમનાં ધર્મશાસ્ત્રોમાં જે જે દોષો યા ખામીઓ માલૂમ પડે છે તે તે તેના પ્રણેતા–પ્રરૂપક પુરૂષોમાં રહેલા રાગાદિ દોષોને આભારી છે એમ સિદ્ધ થાય છે. આ સંબંધમાં વિશેષ હકીકત શાસ્ત્રની વ્યાખ્યા પ્રસંગે આગળ કહેવાની હોવાથી અત્ર સંક્ષેપવામાં આવે છે. પૂર્વોક્ત વીતરાગ પ્રણીત પ્રવચનરૂપ શ્રુતધર્મ અને ક્ષમાદિ લક્ષણ યુક્ત ચારિત્ર ધર્મમાં જે મહાત્માઓને દૃઢ પ્રીતિ લાગી છે, તેઓ આ સંસારસાગરનો સુખે સુખે ( અનાયાસે ) પાર પામી અક્ષય મોક્ષસુખને પામ્યા છે, પામે છે અને પામશે. એ નિઃસંદેહપણે માન્ય કરવા યોગ્ય વાત છે. એમ સમજીને મુમુક્ષુ જનોએ એકનિષ્ઠાથી શ્રી વીતરાગોક્ત ધર્મનુંજ શરણ કરવું યોગ્ય છે. ૧૬૧.

હવે શાસ્ત્રકાર દુર્લભ બોધિત્વ ભાવનાનું સ્વરૂપ સમજાવે છે.

**मानुष्यकर्मभूम्यार्यदेशकुलकल्यतायुरुपलब्धौ ।**
**श्रद्धाकथकश्रवणेषु सत्स्वपि सुदुर्लभा बोधिः ॥ १६२ ॥**
**तां दुर्लभां भवशतैर्लब्ध्वाप्यतिदुर्लभा पुनर्विरातिः ।**
**मोहाद्रागात्कापथविलोकनाद्गौरववशाच्च ॥ १६३ ॥**
**तत्प्राप्य विरतिरत्नं विरागमार्गविजयो दुरधिगम्यः ।**
**इन्द्रियकषायगौरवपरीषहसपत्नविधुरेण ॥ १६४ ॥**

**ભાવાર્થઃ**—મનુષ્યપણું, કર્મભૂમિ, આર્યદેશ, ઉત્તમ કુળ, આરોગ્યતા, અને દીર્ઘાયુષ પ્રાપ્ત થયે છતે તેમજ શ્રદ્ધા, સદ્ગુરૂયોગ, અને શાસ્ત્રશ્રવણ આદિ સામગ્રી વિદ્યમાન છતે પણ સમ્યકત્વ અતિ દુર્લભ છે. સેંકડો ભવે એવું દુર્લભ સમ્યકત્વ પામીને પણ મોહથી, રાગથી, કુમાર્ગ દેખવાથી અને ગૌરવના વશથી ચારિત્ર પ્રાપ્ત થવું અતિ દુર્લભ છે. તે ચારિત્રરત્ન પામીને ઇંદ્રિય, કષાય, ગૌરવ, અને પરીસહ રૂપ શત્રુથી વિહ્વળ થયેલા જીવને વૈરાગ્ય માર્ગમાં વિજય મેળવવો એ અત્યંત કઠીન છે. ૧૬૨–૧૬૩–૧૬૪

વિ૦—પ્રથમ તો 'ચુલ્લક, પાસગાદિ' દશ દ્રષ્ટાંતે દુર્લભ એવા મનુષ્યભવની જ પ્રાપ્તિ થવી મુશ્કેલ છે. મહા પુન્યયોગે મનુષ્યભવ પ્રાપ્ત થયે છતે પણ જ્યાં અસિ મષિ અને કૃસિથી વ્યવહાર ચલાવાય છે એવી કર્મભૂમિમાં જન્મ પામવો સુદુર્લભ છે. જ્યાં તીર્થંકરો ઉપજે છે તથા સદ્ધર્મની દેશના દેવામાં તત્પર રહે છે અને જેને અવલંબી ભવ્યજનો નિર્વાણપદ ( મોક્ષ ) પામે છે તે કર્મભૂમિમાં પાંચ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભરત, પાંચ ઐરવત અને પાંચ વિદેહ એ પંદર ક્ષેત્રોનો સમાવેશ થાય છે. તેવી કર્મભૂમિમાં પણ મગધ, બંગ, કલિંગ, સૌરાષ્ટ્ર પ્રમુખ આર્યદેશમાં, અને તેમાં પણ ઇક્ષ્વાકુ કે હરિવંશાદિક ઉત્તમ કુળમાં જન્મ થવો ઘણોજ દુર્લભ છે. એ સર્વ વાનાં મળ્યે છતે પણ નિરોગી શરીર, અને દીર્ઘ આયુષ્ય પ્રાપ્ત થવાં અતિ દુર્લભ છે. તે પણ સઘળું પ્રાપ્ત થયે છતે ધર્મજિજ્ઞાસા થવી દુર્લભ છે; અને એવી ઉત્તમ ધર્મજિજ્ઞાસા થયે છતે સદ્ધર્મ માર્ગના કથક ગુરૂનો યોગ મળવો દુર્લભ છે. તેવો સુયોગ મળ્યે છતે પણ પ્રાણી ઘણા કાર્યમાં વ્યગ્ર થયેલ હોવાથી તેમજ આળસ, મોહ, અવજ્ઞા, મદ, પ્રમાદ, કૃપણતા, ભય, શોક, અજ્ઞાન અને કુતૂહળાદિક કાઠીઆવડે ધર્મશ્રવણ કરવામાં પ્રવૃત્તિ થઇ ન શકે માટે તેની દુર્લભતા જણાવી છે. અને એ બધાંય વાનાં પ્રાપ્ત થયે છતે પણ શંકાદિ શલ્ય રહિત સમ્યગ્ જ્ઞાન સહિત તત્ત્વશ્રદ્ધા પ્રાપ્ત થવી અત્યંત દુર્લભ છે. મતલબ કે બીજી બધી શુભ સામગ્રી પામ્યા છતાં શ્રી વીતરાગ કથિત ધર્મનો બોધ અને તેની ઉંડી શ્રદ્ધા થવી બહુ દુર્લભ છે.

સેંકડો ભવે પણ પ્રાપ્ત થવું દુર્લભ એવું બોધિરત્ન ( સમ્યકત્વ ) પ્રાપ્ત થયે છતે પણ સર્વ વિરતિ કે દેશવિરતિ·(આત્મનિગ્રહ યોગ્ય સંયમ દિશા) પ્રાપ્ત થવી દુર્લભ છે. તેનાં કારણ શાસ્ત્રકાર બતાવે છે. આ કાર્ય કરીને કે પેલું કાર્ય કરીને પછી શ્રાવક ધર્મ આદરીશ પણ સર્વ ત્યાગરૂપ સાધુમાર્ગ તો આદરીશ નહિ. એવા પ્રકારે મોહ યા અજ્ઞાન નડે છે, જીવ જાણતો નથી કે આ ક્ષણભંગુર જીવિત પલકમાં પૂરૂં થઈ જશે તેથી સ્વહિત સાધી લેવામાં વિલંબ ઘટતો નથી. વળી બાપડો જીવ સ્ત્રી પુત્રાદિકમાં અનુરક્ત થઇ જવાથી ઘરવાસ તજી શકતો નથી. તેમ જ અનેક કુપંથો–મત મતાંતરો જોવાથી શંકામાં પડી જાય છે કે આ બધાય માર્ગોમાં કયો માર્ગ અનુસરવાથી ભવ–સંસારનો પાર પમાય ? તેથી અને ઋદ્ધિગારવ રસગારવ તથા શાતાગારવથી પણ ચારિત્રધર્મ આદરી શકતો નથી. પ્રાપ્ત થયેલી દ્રવ્યસંપદા લોભવશાત્ તજી શકતો નથી. રસના ઇન્દ્રિયને વશ બની જવાથી ઇષ્ટ રસાશક્તિ તજી શકતો નથી, અને શરીર મમતાવશ સુખશીલપણાથી ઇષ્ટ ચન્દનાદિ વિલેપન, સ્વાનુકૂળ ખાન પાન શયન ગન્ધ ધૂપ માલ્યાદિ સેવન તથા સ્ત્રી પરિભોગમાં આસક્ત બની જવાથી તેનો ત્યાગ કરી શકતો નથી, એટલા માટે ઠીક જ કહ્યું છે કે સમ્યકત્વ પ્રાપ્ત થયે છતે પણ મોહાદિક પરવશતાથી ત્યાગ માર્ગ આદરવો દુર્લભ છે.

પૂર્વોક્ત દુર્લભ એવું સર્વવિરતિ રત્ન પામીને પણ વિરાગ ( વૈરાગ્ય ) માર્ગનો પરિચય–અભ્યાસ–પરિશીલન દુર્લભ છે. શાથી ? તે શાસ્ત્રકાર પોતે જ જણાવે છે. રસના (જીભ) પ્રમુખ ઇન્દ્રિયો વૈરાગ માર્ગમાં વિઘ્ન–અંતરાય કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્રોધાદિક કષાયો વિરાગમાર્ગમાં શત્રુવત્ સામા થાય છે. પૂર્વોક્ત ઋદ્ધિગૌરવ, રસગૌરવ અને શાતાગૌરવ વિરાગમાર્ગમાં ધોળે દહાડે ધાડ પાડી ચારિત્રધનને લૂંટી લે છે, તેમજ ક્ષુધા, તૃષા, શીત, તાપાદિક પરીસહો પણ જીવને વિરાગમાર્ગમાં બહુ બહુ સતાવે છે એ બધાય શત્રુની પેરે વિરાગમાર્ગનો અભ્યાસ કરતાં આડા આવે છે તેથી તેની દુર્લભતા કહી છે. ૧૬૨-૬૪ અપૂર્ણ.

# योग्यायोग्य शिष्य परीक्षा.

( અનુસંધાન પૃષ્ટ ૧૫૪થી )

## આભીરી દૃષ્ટાંત. ૧૪.

હવે આભીરીનું દૃષ્ટાંત કહે છે.—કોઇ એક આભીર ( ભરવાડ ) પોતાની સ્ત્રી સહિત ઘી વેચવા માટે ગાડામાં ઘીના ઘડા ભરીને નજીકના શહેરમાં ગયો. ત્યાં ચૌટામાં આવીને વેપારીની દુકાને તેણે ઘી વેચાણનું સાટું કર્યું. પછી ઘી તોળતી વખતે ગાડાની નીચે આભીરી ઉભી રહી અને ઘીના માપ તરીકેનો એક નાનો ઘડો હતો તેના વડે ભરી ભરીને તે પોતાના પતિને આપવા લાગી. ત્યારપછી કોઇક પ્રકારે લેતાં દેતાં અનુપયોગને લીધે વચમાંજ તે નાનો ઘડો પૃથ્વી પર પડીને કકડે કકડા થઇ ગયો, તેથી ઘીની હાનિ થવાથી મનમાં દુઃખ પામેલો પતિ પોતાની સ્ત્રીને કઠણ વચનો કહેવા લાગ્યો–“ અરે દુષ્ટ શીળવાળી ! કામ વિકારથી વિડંબના પામેલી ! હે પાપિની ! યુવાવસ્થાથી અત્યંત રમણીય સ્વરૂપવાળા પર પુરૂષોની સામું જોયા કરે છે, તેથી ધ્યાન દઇને ઘીના ઘડાને પણ પકડતી નથી ? ” આવાં અસહ્ય વચન સાંભળીને ઉત્પન્ન થયેલા કોપના આવેશથી જેણીના પુષ્ટ સ્તન ઉછળવાથી કંપાયમાન થતા હતા, તથા જેણીના બિંબ જેવા અધરોષ્ઠ ફરકતા હતા, તથા ઉંચી ચઢાવેલી ભ્રૃકુટીની રેખા રૂપી ધનુષ્યમાંથી બાણની શ્રેણીની જેવા કટાક્ષોના સમૂહને જે નિરંતર ફેંકતી હતી એવી તે આભીરી બોલી કે— “ અરે .અધમ ગામડીયા ! ઘીના ઘડાની પણ અવગણના કરીને તું ચતુર અને મદોન્મત્ત સ્ત્રીઓના મુખકમળોને જુએ છે. વળી એટલાથીજ અટકતો નથી પણ ઉલટો કઠણ વચનોવડે મારો પણ શું તું તિરસ્કાર કરે છે ? ” આ પ્રમાણે સાંભળી તે આભીરનો પણ કોપાગ્નિ અત્યંત જાજ્વલ્યમાન થયો, તેથી તે જેમ તેમ સંબંધ વિનાનું બોલવા લાગ્યો. આભિરી પણ તેજ રીતે બોલવા લાગી. એમ બોલતાં બોલતાં તે બન્ને એક બીજાના કેશ પકડીને યુદ્ધ કરવા લાગ્યા. તેથી બન્નેના પગ વિગેરે અવયવો અથડાવાથી ગાડીમાં રહેલું ઘણુંખરૂં ઘી પૃથ્વીપર ઢળી ગયું. તેમાંથી કેટલુંક પૃથ્વીમાં સમાઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગયું, બાકીનું કુતરા ચાટી ગયા. ગાડીમાં જે થોડું ઘણું રહ્યું હતું તે ઠગ પુરૂષો લઇ ગયા. તેની સાથે આવેલા બીજા આભીરો તથા આભીરીઓ પોતપોતાનું ઘી વેચીને પોતાના ગામ તરફ ચાલ્યા. પછી દિવસ વીતી ગયો એટલે બન્ને યુદ્ધથી નિવૃત્તિ પામી સ્વસ્થ થયા. ત્યારે પ્રથમ જે કાંઇક ઘી વેચ્યું હતું, તેનું દ્રવ્ય લઇને તેઓ પોતાના ગામ તરફ ચાલ્યા. માર્ગમાં અર્ધે પંથે જતાં સૂર્ય અસ્ત થયો, સર્વત્ર અંધકારનો સમૂહ પથરાઇ ગયો. એટલે ચોર લોકોએ આવીને તેમનાં વસ્ત્રો, દ્રવ્ય તથા બળદો હરી લીધા. આ પ્રમાણે તે બન્ને મોટા દુઃખના ભાગી થયા.

આ દૃષ્ટાંતનો ઉપનય, આ પ્રમાણે છે. જે શિષ્ય અશુદ્ધ પ્રરૂપણા કરતો હોય અથવા અશુદ્ધ ભણતો હોય, તેને આચાર્ય કઠણ વચનોવડે શિક્ષા આપે ત્યારે તે આક્ષેપપૂર્વક એવો પ્રત્યુત્તર આપે કે–" તમે જ મને આવું શીખવ્યું હતું, અને હવે કેમ તેને ઓળવો છો ? " ઇત્યાદિક વચનો બોલે છે, આવો શિષ્ય કેવળ પોતાના આત્માને જ સંસારસાગરમાં પાડે છે, એટલું જ નહીં પરંતુ આચાર્યને પણ કઠણ વાક્યો કહેવાવડે તેનો તીવ્ર કોપાગ્નિ પ્રદીપ્ત કરવાથી આચાર્યને પણ સંસારસાગરમાં પાડે છે, કારણ કે કુશિષ્યો કોમળ એવા ગુરૂને પણ કઠણ વચનોવડે બોલાવવાથી તેના કોપને ઉદ્દીપન કરનારા થાય છે. તે વિષે શ્રીઉત્તરાધ્યયનસૂત્રમાં કહ્યું છે કે—" अणासवा थूलवया कुसीला मिउं पि चंडं पकरंति सीसा " । " ગુરૂની આજ્ઞાને નહીં માનનારા, સ્થૂળ વ્રતવાળા અને કુશીલવાળા શિષ્યો કોમળ આચાર્યને પણ પ્રચંડ કરે છે." વળી ગુરૂ તો ગુણોવડે મોટા જ હોય છે. તેથી તેઓ જો કોઇપણ પ્રકારે દુષ્ટ શિષ્યને શિક્ષા આપવાથી કોપ પામતા જણાય તો એ રીતે પણ ભગવાનની આજ્ઞાનો લોપ થવાથી શિષ્યને ગુરૂની આશાતના લાગે છે, અને તે શિષ્ય ઘણાં અશુભ કર્મો ઉપાર્જન કરીને અવશ્ય અત્યંત દીર્ઘ સંસારનો ભાગી થાય છે. વળી આ રીતે વર્તવાથી તે શિષ્ય કદાચ બુદ્ધિમાન હોય તો પણ શ્રુતરત્નથી બાહ્ય ( બહિર્મુખ ) થાય છે, કારણ કે બીજે સ્થળે પણ તેને શ્રુતની પ્રાપ્તિ દુર્લભ થાય છે. ' ચિરકાળ જીવવાની ઇચ્છાવાળો કયો પ્રાણી સર્પના મુખમાં પોતાના હસ્તવડે દૂધના બિંદુઓ નાંખે ? ' આવો શિષ્ય એકાંતે કરીને અયોગ્ય છે.

પ્રતિપક્ષ ( આથી ઉલટી–વિપરીત ) ભાવનાને વિષે પણ આ જ દૃષ્ટાંત જાણવું. તેમાં વિશેષ એ કે–જ્યારે ઘીનો ઘડો પૃથ્વીપર પડીને ફૂટી ગયો, ત્યારે તરત જ તે બન્ને દંપતી એક વાસણમાં પોતાની શક્તિ પ્રમાણે પૃથ્વીપરથી યત્નપૂર્વક ઘી લઇ લેવા લાગ્યા, તેથી થોડુંક જ ઘી નાશ થવા પામ્યું. વળી તે આભીર તે વખતે પોતાના આત્માની નિંદા કરતો સ્ત્રી પ્રત્યે બોલ્યો કે–" અહો ! મેં બરાબર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રીતે તને ઘીનો ઘડો આપ્યો નહીં, તેથી પડી ગયો. ” ત્યારે આભીરી પણ બોલી કે–“ તમે તો ઠીક રીતે જ મને આપ્યો, પણ મેં બરાબર પકડ્યો નહીં. ” આમ બોલવાથી તેમને કોપના આવેશનું દુઃખ પણ થયું નહીં, તેમજ ઘીની પણ હાનિ થઇ નહીં; અને વેળાસર બીજા આભીરોની સાથે પોતાના ગામ તરફ જવાથી માર્ગમાં ચોરનો પણ ઉપદ્રવ થયો નહીં. તેથી તેઓ સુખના ભાગી થયા. એજ પ્રમાણે અહીં પણ કોઇક પ્રકારે અનુપયોગાદિકે કરીને ગુરૂએ શિષ્ય પાસે અન્યથા પ્રકારે ( વિપરીત ) વ્યાખ્યાન કર્યું. પછી તે વ્યાખ્યાનનું ચિંતવન ( વિચારણા ) કરતાં શિષ્ય પ્રત્યે સૂરિ યથાર્થ વ્યાખ્યાન સ્મરણમાં આવવાથી કહે કે–“ હે વત્સ ! આ રીતે વ્યાખ્યાન મ કર. મેં તને તે વખતે અનુપયોગને લીધે આ પ્રમાણે કહ્યું હતું, તેથી હવે આ રીતે વ્યાખ્યાન કર. ” આ પ્રમાણે ગુરૂ કહે ત્યારે જે શિષ્ય કુલીન અને વિનયવાન્ હોય તે આ પ્રમાણે પ્રત્યુત્તર આપે કે–“ શું આપ કદી પણ અન્યથા પ્રરૂપણા કરો ? તેમ બને જ નહીં, પરંતુ મને જ બુદ્ધિની નિર્બળતાને લીધે અન્યથા પ્રકારે સમજાયું હશે ” આવો શિષ્ય એકાંતે કરીને યોગ્ય છે. આવા પ્રકારના શિષ્યો ગુરૂના ચિત્તમાં આહ્લાદ ઉત્પન્ન કરે છે, પોતે શ્રુતસાગરના પ્રારને પામે છે, તથા ચારિત્રસંપદાના ભાગીદાર થાય છે.

# दुःखितेषु कुरु दयाम्.

## બારમું સૌજન્ય.

( ૪ )

અત્યાર સુધીનો વિચાર હિંસા કરનાર કે તેનો ત્યાગ કરનારના દૃષ્ટિબિન્દુથી થયો. હવે આપણે જે પ્રાણીની હિંસા થવાની છે કે થઇ છે તેના દૃષ્ટિબિન્દુથી વિચારીએ તો તેના મનમાં થતી લાગણી અને દુઃખનો બરોબર ખ્યાલ કરવો બહુ મુસ્કેલ થઇ પડશે. રસ્તા ઉપર આપણે ચાલતા હોઇએ ત્યાં સામેથી એક મોટર આપણા તરફ પુરજોસમાં દોડી આવતી હોય અથવા મારકણી ગાય કે ભેંશ દોડતી આવતી હોય, આપણે પોતે બળતા ઘરમાં સપડાઈ ગયા હોઇએ અને દાદર પર આગ લાગી હોય એવા અનેક પ્રસંગો વિચારી તે વખતે મનમાં થતી લાગણીપર વિચાર કરીએ તો કાંઇક હિંસાના વિષય થનાર પ્રાણીની લાગણીનો ખ્યાલ આવી શકે. આવી અત્યંત કલીષ્ટ લાગણીઓ ઉત્પન્ન કરવાનો હિંસા કરનારને શો અધિકાર છે તે ખાસ વિચારવું અને હિંસાના વિષય થનાર પ્રાણીની જગ્યા પર પોતાની જાતને જરા થોડા વખત માટે મૂકી દેવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેમ કોઇ પ્રાણીને મરણ ગમતું નથી તેમ કોઇને દુઃખ પણ ગમતું નથી. સર્વ પ્રાણીની ઇચ્છા સુખ મેળવવા તરફ હોય છે. પોતાના સંયોગો અનુકૂળ હો કે ન હો તેની તપાસ કે વિચારણા કર્યા વગર દરેક પ્રાણીની ઇચ્છા પોતાના સંબંધમાં સુખ મેળવવાની અને દુઃખને દૂર કરવાની હોય છે. જેટલો મરણ માટે આ પ્રાણીને ભય લાગે છે તેટલોજ ભય દુઃખ માટે લાગે છે. આથી તે દુઃખમાંથી છટકી જવા માટે અથવા આવી પડનારાં દુઃખમાંથી બચવા માટે અનેક પ્રયત્નો કરે છે અને સુખ મેળવવા માટે અનેક પ્રવૃત્તિઓ કરે છે. સુખ મેળવવા માટે મનુષ્ય કેટલા પ્રયત્ન કરે છે તે તપાસીએ તો જણાશે કે તે અનેક પ્રકારની ઉપાધિઓ આદરી બેસે છે, ધનની ખાતર તે દૂર દેશમાં રખડે છે, જંગલો અને વનોમાં પ્રવેશ કરે છે, ખાણો ખોદે છે, જીવ જોખમમાં આવે તે રીતે નદી નાળામાં સમુદ્રમાં પ્રવેશ કરે છે, ઉંઘ તજે છે, સગવડો તજે છે, રાત્રીદિવસ વેઠ કરે છે, માનની ખાતર અનેકની ખુશામત કરે છે, સાચાં ખોટાં ગોટા વાળે છે અને ઉપરથી સીફત કરી પ્રમાણિક દેખાઇ પોતાના મનની ઇચ્છાને તૃપ્ત કરવા પ્રયત્ન કરે છે. આવા અનેક દાખલાઓ આપી શકાય. તાત્પર્ય એ છે કે પોતાનાં માની લીધેલાં સુખ ખાતર પ્રાણી ગમે તે કામ કરવા મંડી જાય છે. જ્ઞાનની વિશાળતા પ્રમાણે સુખનું સાધ્ય ફરે છે એ ખરૂં છે. સાધારણ વ્યવહારૂ માણસ ધનપ્રાપ્તિમાં સુખ માને છે, રસીક માણસ કાવ્ય કે ચીત્રમાં સુખ સમજે છે, યોગી યોગ સાધનમાં, ધ્યાની ધ્યાનની સ્થીરતામાં, વિશિષ્ટ આત્મસત્તા સાધ્ય કરનાર પરમાત્મપદ પ્રાપ્તિમાં સુખ જુએ છે અને તે પ્રમાણે તેઓનાં સાધનો જૂદાં પડી જાય છે, પરંતુ અત્યારે આપણે સુખ કયાં છે તે પ્રશ્નનો વિચાર કરતા નથી, અહીં તો વકતવ્ય એટલું જ છે કે દરેક પ્રાણી પોતાના વિકાસ પ્રમાણે એક યા બીજા પ્રકારનું સુખ મેળવવા ઇચ્છે છે અને જેને તે દુઃખ માને છે તેનાથી દૂર હડતો જાય છે.

દયાના વિષયમાં આપણે જોઇ ગયા કે સ્વદયાનો વિચાર કરનાર પ્રાણી બને તેટલો પરભાવ ત્યાગ કરી આત્મરમણતા કરે છે. આત્મરમણતા કરવાને અંગે કેટલાક વિશિષ્ટ નિયમો સર્વમાન્ય સત્ય તરીકે સ્વીકારવામાં આવ્યા છે. તેમાંથી ચાર બાબતો બહુ અગત્યની ગણવામાં આવે છે અને તે ચારે અહિંસાના-દયાના વિષયને વિસ્તારનાર છે.

હવે એ સર્વમાન્ય ચાર મહાન સત્યો જે દયા ધર્મનું સ્પષ્ટ પ્રતિપાદન કરનારા છે તેને ચાર ભાવના કહેવામાં આવે છે. તેનાં મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ્ય એવાં ચાર નામો છે. સર્વ મનુષ્યો તરફ, સર્વ પંચેદ્રિયો તરફ, સર્વ નાના જીવો તરફ અથવા સર્વ પ્રાણી વર્ગ તરફ પ્રેમભાવ રાખવો, તેઓના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હિતનો વારંવાર વિચાર કરવો, તેઓની ઉત્ક્રાન્તિ કેમ થાય, તેઓ દ્રવ્યથી અને ભાવથી સુખી કેમ થાય તે પર વારંવાર વિચાર કરવો એ પ્રથમ **મૈત્રી** ભાવ છે. ભાવ દયા, પર દયા અને નિશ્ચય દયા તે અંગે આ ભાવ પ્રબળપણે ઉત્પન્ન થાય છે અને એને અમલમાં મૂકતાં સ્વદયા સારી રીતે અમલમાં મૂકાય છે. અન્ય ગુણવાન્ પ્રાણીઓને જોઇ આનંદ આવે, તેઓના તરફ અંતઃકરણ પૂર્વક પૂજ્ય ભાવ પ્રગટ થાય, તેઓની પરિચર્યા, પર્યુપાસના, સુશ્રૂષા કરતાં મનમાં ફરજ બજાવવા જેવું લાગે, તેઓ સંબંધી ગુણાનુવાદ કરતાં હર્ષનાં આંસું આવે અને ગમે તેવે પ્રસંગે તેઓનો પક્ષપાત કરતાં મનમાં બહુ લાગણી થઇ આવે એને બીજી **પ્રમોદ** ભાવના કહેવામાં આવે છે. ગુણનો પ્રેમ વસ્તુસ્વરૂપ ઓળખ્યા વગર થતો નથી અને ભાવદયા તથા નિશ્ચયદયાનું સ્વરૂપ બરાબર વિચારવામાં આવશે તો જણાશે કે આ ભાવના તેનોજ ભાગ બની રહેલ છે. ત્રીજી **કરૂણા** ભાવનામાં આ દુનિયામાં પ્રાણીઓનાં દુઃખો જોઈ મનમાં તેઓ ઉપર દયા આવી જાય છે, તેનાં દુઃખો દૂર કરવાં મન થાય છે અને તેને દ્રવ્યથી સહાય આપીને દુઃખમાંથી ઉદ્ધરવાની અને ઉપદેશાદિ આપી તેઓનાં કર્મબંધન તોડવાની પ્રબળ ઇચ્છા થાય છે અને જે પર હવે ખાસ વિવેચન કરવાનું છે તે દ્રવ્ય દયા અને ભાવ દયાનો ખાસ વિષય છે. અનેક પાપી માણસોને સંસારમાં દુર્ગુણો આચરતાં જોઇ, અભિમાનમાં મસ્ત થતાં જોઇ, પાપથી ધનનાં ભંડારો એકઠા કરતાં જોઇ, વિના કારણ મોટા આરંભો કરી અનેક પાપો કરતાં જોઇ, અન્યનાં ખૂન કરતાં જોઇ, પરદારા રમણ કરતાં જોઇ, તેઓ બિચારા પોતાનાં કર્મને આધિન છે, મહા દુઃખી થનારાં છે એમ વિચારી તેઓના પાપ માટે ઉપેક્ષા રાખવી, તેઓના સંબંધમાં ઉદાસીન રહેવું એ **માધ્યસ્થ્ય** ભાવના છે. એ પણ વસ્તુસ્વરૂપના જ્ઞાન પછી સ્વદયાને અંગે થતો આત્મવિકાસ છે અને એ એવા પ્રકારના આત્મવિકાસનું એક બહુ સુંદર વ્યક્તિકરણ છે.

અહીં જે ત્રીજી કરૂણા ભાવના કહેવામાં આવી તે પર જરા વધારે વિસ્તારથી વિચાર કરવા યોગ્ય છે. આ દુનિયામાં દુઃખોના પ્રકારનું લીસ્ટ કરવું એ અશક્ય છે. એક ધનની ખાતર આ પ્રાણી કેટલી ઉપાધિઓ કરે છે તે આપણે 'તૃષ્ણા છેદ' (પ્રથમ સૌજન્ય) ના વિષયમાં વિસ્તારથી જોઈ ગયા. એવીજ રીતે શોખીન માણસ અનેક પ્રકારના મોજશોખમાં પૈસા ઉડાવી ભિખારી બની બહુ ત્રાસ પામે છે, અતિ વિષયી માણસ હજારો વ્યાધિઓથી પીડા પામે છે, જમીન ખાતર લડીને અનેક રાજાઓ દુઃખો ખમે છે, મત્સરથી કોરટમાં કેસો લડી હજારો માણસો ખુવાર થાય છે, માયા કપટથી કાવાદાવા કરી પકડાઇ જવાના ભયમાં અનેક માણસો મુંઝાયા કરે છે. આવાં અનેક દુઃખોમાંથી છોડાવવા વિચાર કરવો અથવા એવા અન્યને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થતાં દુઃખો જોઇ મનમાં અતિ ખેદ લાવવો તે કરૂણા ભાવનાનો વિષય છે. શરીરના દુઃખો કરતાં પણ મનનાં દુઃખો વધારે આકરાં છે અને તે પ્રાણીને બહુ વખત થાય છે. એ દુઃખો કેટલાંક **સ્વકૃત** ( પોતેજ કરેલાં ) હોય છે, કેટલાંક **પરકૃત** હોય છે અને કેટલાક **ઉભયકૃત** હોય છે. એ સર્વમાંથી અન્યને છોડાવવાની ઇચ્છા અને તે જોઇને તેના ઉપર દયા કરવી એ આ દયાનો ખાસ વિષય છે. તીર્થંકર મહારાજને સંસારના સર્વ જીવોને દુઃખમાં સપડાયલા જોઇ જે ભાવ થાય છે, તેમાં મૈત્રી અને કરૂણા ભાવનાનો મેળાપ એક સાથે થયેલો જોવામાં આવે છે, એમાં પણ ખાસ પ્રેરણા કરનાર ભાવ તો કરૂણાનોજ છે. તેઓને એ સર્વ દુઃખો જોઈ આગલા ભવમાંથી ત્રીજા ભવમાં એવી ઇચ્છા થઇ આવે છે કે મારાથી બને તો આ સર્વ જીવોને એવે સ્થાનકે લઇ જઉં કે જ્યાં આવાં દુઃખોની હયાતિજ હોય નહિ. આ કરૂણા ભાવનાનું ઉત્કૃષ્ટ દૃષ્ટાન્ત છે.

સંસાર તરફ નજર કરો. જણાશે કે સવારથી સાંજ સુધી ધન માટે ચિંતા, ખાવાની ચિંતા, પીવાની ચિંતા, વ્યાપારની ચિંતા, ધન પેદા કરવાની ચિંતા, તેને ફેરવવાની ચિંતા, તેના રક્ષણની ચિંતા, ઘરની ચિંતા, ઘરેણાની ચિંતા, કુમારાને પરણવાની ચિંતા, પરણેલાને સ્ત્રીની ચિંતા, સ્ત્રીવાળાને સંતતી ન હોય તેની ચિંતા, સંતતીવાળાને છોકરાઓને ઉછેરવાની, ભણાવવાની, ઠેકાણે પાડવાની ચિંતા અને આવા અનેક ઉપાધિના પ્રસંગો સાથે વળી પોતાને ભોગો ભોગવવાનાં સાધનો યોજવાં, પાંચે ઇંદ્રિયોને તૃપ્ત કરવી, વ્યવહારમાં આગળ પડવું, નામ કાઢવું, આવાં આવાં વિચારોને લઇને એટલી ધમાલ આખી જીંદગીમાં રહે છે કે એનાં સુખની વાત કરવી પણ નકામી છે. માત્ર સાધ્યના અવ્યવસ્થિતપણાથી, વાસ્તવિક સુખનો ખ્યાલ સમજવામાં આવેલ ન હોવાથી અને ઢંગ ધડા વગરનું વર્તન હોવાથી સામાન્ય ચાલુ પ્રવાહમાં પ્રાણી ઘસડાતો જાય છે અને અનેક ધકેલા ખાય છે. તમે શેઠીઆઓના બંગલાઓ કે રાજાના મહેલો જોઇ, તેમાં વસનારા વૈભવ ( સુખ ) માણે છે એમ માનતા હો તો તેમાં ઘણી ભુલ છે. બરાબર બારીકીથી અવલોકન કરશો તો જણાશે કે તેઓ પણ આ કરૂણા ભાવનાના વિષય થવાને યોગ્ય છે, એટલુંજ નહિ પણ વધારે સ્પષ્ટ રીતે કહેવા દેશો તો તેઓ વધારે દયાને પાત્ર છે. મતલબ તેઓનાં દુઃખો પ્રમાણમાં જરૂર વધારેજ હોય છે. આ પ્રાણીને ધનની લાલચ એટલી હોય છે કે જેની પાસે ધન હોય તેને તે બરાબર સુખી માની લે છે, પણ એ તદ્દન ખોટી માન્યતા છે. વૈભવ ભોગવતી વખત બીજી અનેક ઉપાધિઓ હોય છે તે ઉપરાંત વૈભવ ઉપર જરા, મૃત્યુ, રોગ વિગેરે અનેક દુશ્મનો તૈયાર ઉભાજ હોય છે. આવાં આવાં અનેક પરભાવોમાં રમણ કરનારા પ્રાણીઓને જોઈ તેઓ માટે મનમાં દયા લાવવી એ આ ભાવનાનો વિષય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રથમ સ્થૂળ દષ્ટિએ વિચાર કરીએ તો જણાશે કે ધન સંપત્તિ આ પ્રાણીને મળેલી હોય અને જો તેનામાં દયા-કરૂણા ન હોય તો તેના ધનનો સદુપયોગ થતો નથી. માત્ર પોતાના ઉપભોગમાં ધન લેવું એમાં કાંઇ સાર નથી. અપંગ, અનાથ, અશક્ત, વ્યાધિગ્રસ્ત, અંધ, મૂંગા કે ગાંડા થઇ ગયેલ કોઇ પણ પ્રાણી ધનની મદદ માગવા આવે, ખાવાનું માગે અથવા વસ્ત્રાદિક માગે તે વખતે મનમાં દયાનો પ્રવાહ ન ચાલે તો તે ધન નકામું છે. પૈસાની પ્રભુતા જોઈ સખાવતને યોગ્ય કેટલા દુઃખી માણસો ધનપતિઓના ઘર આગળ આવી જવાબ ન મળવાથી અથવા ઉદ્ધત જવાબ મળવાથી પાછા જતા હોય છે ત્યારે તેના મનમાં શું ખ્યાલ થતો હશે તે આરામશખ્યામાં સુનાર અને વખતો વખત તૈયાર રસોઈ જમનારના ખ્યાલમાં આવે નહિ. અનુકૂળ સંયોગોનો ઉપયોગ બને તેટલો અન્યનું હિત કરવામાં કરવો તે પોતાની ફરજ છે એ આ પ્રાણી ઘણી વખત ભૂલી જાય છે. એ ઉપરાંત જાહેર સખાવતને અંગે પણ પોતાના માન ખાતર, આબરૂ વધારવા ખાતર અથવા નામ કાઢવા ખાતર સખાવત કરવી અને દયા લાવી ગુપ્ત દાન કરવું એમાં બહુ તફાવત રહેલો છે. વિચાર પૂર્વક યોગ્ય વ્યક્તિને જરૂર પૂરતી અને વખતસર મદદ આપવી તેમજ જાહેર સખાવતોને અંગે ખાતાની વ્યવસ્થા અને જરૂરીઆત તથા આપેલ પૈસાની સલામતી અને યોગ્ય વ્યવસ્થા થવાના સંભવો લક્ષ્યમાં લઈ પોતાથી બનતી મદદ આપવી એ વસ્તુતઃ ઇષ્ટ છે. ધનની અસ્થિરતા અને સ્વકર્તવ્ય વિચારવાની બહુ જરૂર છે અને તે જેટલે દરજ્જે વિચારાય છે, તેટલે દરજ્જે પોતાને અને સમાજને લાભ થાય છે.

જરા વિશાળ દૃષ્ટિથી આગળ જઇએ તો પ્રાણીઓ આધ્યાત્મિક દુઃખમાં સપડાયલા માલૂમ પડે છે. સંસારપર એવો રસ લાગેલો જોવામાં આવે છે કે જાણે તેનાથી કોઇ પણ પ્રકારે વિયોગ ન થાય એવું પ્રાણી ઇચ્છે છે અને દુઃખ દૂર કરવાના ઉપાયો વિચારતાં વધારે દુઃખમાં ફસાય છે. આત્માને-વિશુદ્ધ ચેતનાને આવી રીતે સંસારમાં રખડાવી તે હેરાન થાય છે. એવા દુઃખમાંથી છોડાવવા માટે અનેક સાધનો યોજી આપવા કરૂણા ભાવનાવાળો પ્રાણી પ્રયત્ન કરે છે. શુદ્ધ માર્ગને અનુસરતાં પુસ્તકો લખીને, જાહેર વ્યાખ્યાન આપીને, અંગીત ઉપદેશ આપીને અનેક રીતે પ્રાણીને તેના દુઃખમાંથી છોડાવવા સૂચના કરે છે, શિખામણ આપે છે અને તેનાં સાધનો બતાવે છે. તે સમજાવે છે કે ક્રોધ, માન, માયા લોભ, કે રાગ દ્વેષને લઇને જેના તરફ સાંસારિક જીવોનું અત્યારે લક્ષ્ય છે તે પરવસ્તુઓ છે, તેને અને આત્માને વસ્તુતઃ કાંઇ સંબંધ નથી. અત્યારે જે સંબંધ લાગે છે તે માત્ર વસ્તુસ્વરૂપના અજ્ઞાનને પરિણામે થયેલા વિભાવનો કરેલો છે અને તેના ઉપર જેમ જલદી અપ્રીતિ કરવામાં આવશે તેમ આ પ્રાણી દુઃખમાંથી વહેલો છૂટી શકશે. પરભાવનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાગ કરવો, પરપરિણતિમાં પ્રવેશ ન કરવો, ઓછો કરવો, થઇ જતો હોય ત્યારે તેનાથી સાવધ રહેવું અને પોતાની પરિણતિની નિર્મળતા કરવી એ એક વાકયમાં આખા જૈન શાસ્ત્રનો સાર આવી જાય છે અને સર્વ પ્રકારના આધિભૌતિક, આધિદૈવિક કે આધ્યાત્મિક દુ:ખનો સર્વ પ્રકારે અને સદાને માટે છેડો લાવવાનો એ અપ્રતિહત ઉપાય છે. આવી રીતે દુ:ખી પ્રાણી ઉપર દયા કરવામાં આવે છે તેના સ્થૂળ અને આધ્યાત્મિક નજરે બે વિભાગ થયા અને તે બન્ને ખાસ વિચારવા યોગ્ય છે, આદરવા યોગ્ય છે અને અમલમાં મૂકવા યોગ્ય છે.

વ્યવહારમાં એવો નિયમ છે કે તમને જેટલો લાભ થાય, તેટલો સામાને ગેરલાભ થાય છે; એટલે તમે આજે સો રૂપિયા પેદા કરો તો કોઇ માણસે અથવા માણસોએ તેટલા રૂપિયા ઓછા કર્યા હોવા જોઈએ; પરંતુ આ દયાનો ગુણ એવો ઉત્તમ છે કે એ આપનાર અને લેનાર બન્નેને લાભ કરે છે, આનંદ આપે છે અને પ્રગત કરે છે. લેનારને જે વસ્તુ કે ઉપદેશની જરૂર હોય છે તે મળવાથી તેની ભુખ ભાગે છે અને તેની ઇચ્છા કે આત્મા તૃપ્ત થવાથી તેના મનમાં ઘણો આનંદ થાય છે, આપનારને પોતે એક ફરજ બજાવી એ વિચારથી બહુ આનંદ આવે છે. એક શરીરે કૃષ્ટ થયેલા માણસને તમે બે આનાનું ખાવાનું અપાવો ત્યારે તમને કદી એમ નહિ લાગશે કે તમે બે આના ખોઇ બેઠા છો પણ તમને એમજ જણાશે કે તમે ભુખ્યાને તૃપ્ત કરવામાં ખરૂં કામ કર્યું છે. સારૂં પુસ્તક લખનારને લખવાની મહેનત કરી એમ જણાતું નથી પણ ફરજ બજાવવાના ઉત્કૃષ્ટ ખ્યાલથી આનંદ થાય છે. આથી દયા આપનાર અને લેનાર બન્નેને આનંદદાયક હોવાથી તે ખાસ કર્તવ્ય છે.

આટલા માટે વિનયવિજય ઉપાધ્યાયે શ્રી શાંતસુધારસ ગ્રંથમાં કહ્યું છે કે:—

परदुःख प्रतिकारमेवं ध्यायन्ति ये हृदि ।
लभन्ते निर्विकारं ते सुखमायाति सुंदरम् ॥

'જે પ્રાણી બીજાનાં દુ:ખોનો ઉપાયજ હૃદયમાં વિચારે છે, તે પરિણામે સુંદર અને વિકાર વગરનું સુખ મેળવે છે.' આવી રીતે પરનાં દુ:ખનો વિચાર કરવાથી જે સુખ મળે છે તે વિકાર વગરનું અને પરિણામે સુંદર હોય છે. સાધારણ રીતે સુખ મળે છે તેમાં વચ્ચે વચ્ચે આંતરાઓ પડતા જાય છે એટલે એક સરખું સુખ ચાલતું નથી. દિવસ પછવાડે જેમ રાત્રિ આવે તેમ સુખ પછવાડે દુ:ખ આવે છે, પરંતુ દયાના ઉત્કૃષ્ટ વિચારથી જે સુખ થાય છે તે આ બન્ને પ્રકારના દોષથી મુક્ત હોય છે. આવા સુખને પ્રાપ્ત કરવાનો ઉપાય પરદયાનો વિચાર કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થૂળ રીતે અને વસ્તુતઃ પ્રાણીને સાંસારિક દુઃખોમાંથી મૂકાવવાનો પ્રયત્ન કરવો-આધ્યાત્મિક દુઃખોમાંથી મૂકાવવાનો પ્રયત્ન કરવો તે છે. એ સર્વ દયાનો વિષય બને છે. આપણી શક્તિ, સ્થિતિ અને સંયોગ અનુસાર કોમ, દેશ કે વિશ્વને અંગે દયાને લંબાવવાની ખાસ જરૂર છે. પોતાના સગા સ્નેહીઓને, જ્ઞાતીબંધુને, ગામના રહેવાસીઓને, પ્રાન્ત કે દેશને કે આખા વિશ્વને પોતાના ધનનો, જ્ઞાનનો કે બીજી કોઇ અનુકૂળતાનો લાભ આપવો, અને લાભ આપવામાં પોતાની ફરજનોજ ખ્યાલ કરવો એ દયાનો વિષય છે. આથી વિશુદ્ધ અંતઃકરણવાળા વિચારશીલ પુરૂષો યોગ્ય અંકુશ નીચે રહી, કોમની કે સમાજની અનેક પ્રકારે લાભદાયક સ્થિતિ દયાને અંગે ઉપજાવી શકે છે.

દ્રવ્ય દયાને અંગે સમરાદિત્યનું ચરિત્ર વાંચતાં અનેક વિચારો આવે છે. યશોધર ચરિત્ર પણ એવાજ અનેક વિચારો પૂરા પાડે છે. આઠે પ્રકારની દયાનો ઉત્કૃષ્ટ ખ્યાલ લાવવા માટે શ્રી મહાવીરસ્વામીનું ચરિત્ર ખાસ વિચારવા યોગ્ય છે. પરદયાદ્વારા સ્વદયા કેવી ઉત્તમ પ્રકારે સચવાય છે તેને માટે તે ચરિત્રમાંનો એકજ દાખલો બસ થશે. છમાસ સુધી અત્યંત આકરા પ્રાણાન્ત ઉપસર્ગો કરનાર સંગમ જ્યારે પોતાનું કાંઇ ન વળવાથી પાછો જાય છે, ત્યારે પ્રભુને પોતાપર થયેલા ઉપસર્ગ માટે ખેદ થતો નથી કે સંગમ ઉપર દ્વેષ થતો નથી. વળી ચક્રવર્તી કરતાં પણ વધારે બળવાન્ એવા તેઓ ધારત તો સંગમને ગમે ત્યારે ચપટીમાં ચોળી નાખી શકે તેમ હતા, છતાં તેવું કાંઇ ન કરતાં પરમ સાધ્ય સિદ્ધ કરવાના વિશુદ્ધ ઇરાદાથી જ્યારે તેઓ ઉપસર્ગપરંપરામાંથી પસાર થઇ ગયા અને હારેલો સંગમ પાછો ફર્યો તે વખતે ભગવાનની આંખમાં જરા પાણી આવી ગયા. હવે આ ઉપાધિમાંથી છૂટચા ! એમ તેમના મનમાં ન થયું, પણ તેઓના હૃદયમાં ઉત્કૃષ્ટ કરૂણા ભાવના હોવાથી તેઓને મનમાં વિચાર થયો કે આ સંગમનો આત્મા મારા સંબંધમાં આવીને સંસારથી તરવો જોઇએ તેને બદલે વધારે ડૂબ્યો એ ખોટું થયું. પોતાનો વિચાર જ ન કરતાં આ પ્રમાણે મહા કષ્ટ આપનાર સંગમના હિતનો વિચાર કરનારની ભાવના કેવી ઉત્કૃષ્ટ, નિર્મળ અને સાત્વિક હશે તે કલ્પનામાં ઉતરવું પણ મુશ્કેલ છે. એટલા માટે શ્રીમાન્ હેમચંદ્રાચાર્યે કહ્યું છે કે—

कृतापराधेऽपि जने, कृपामंथरतारयोः ।
इषद्बाष्पार्द्रयोर्भद्रं, श्रीवीरजिननेत्रयोः ॥

'વીર પરમાત્માની આંખો કરૂણાથી હાલતી ચાલતી હતી તે અપરાધ કરનાર ઉપર પણ કરૂણાને લીધે આવેલા અશ્રુથી ભીની થઇ ગઇ. આવી આંખો તમારૂં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કલ્યાણ કરો.' મતલબ કહેવાની એ છે કે જેવી ભાવના શ્રીવીરપરમાત્માને થઇ હતી તેવી અનેક ભાવનાઓ વારંવાર તમને થાઓ.

સંસારમાં ત્રાસ પામતા—હેરાન થતા પ્રાણીઓને જોઇને પૂર્વભવમાં તીર્થંકર મહારાજાને કરૂણા ભાવના બહુ સારી રીતે ઉપસ્થિત થાય છે તે આપણે ભાવદયાનો પ્રસંગ વિચારતાં ઉપર જોઈ ગયા. આપણે દુનિયામાં એવા કરૂણાર્દ્ર માણસોને જોઇએ છીએ કે અન્યનું દુઃખ સાંભળી કે જોઈ તેઓની આંખમાં આંસુ આવી જાય છે. રસ્તા ઉપર કોઈનું શબ ચાલ્યું જતું હોય અને તેના સગાંઓ મોટેથી રડતાં હોય તે જોઇ લાગણીથી પાણી આવી જાય છે. આ કુદરતી નિર્મળ વૃત્તિ અને કરૂણાની વિશુદ્ધ દશા છે. આવી ભાવના સર્વ જીવો તરફ, સર્વ દુઃખી તરફ થતી જાય અને ખાસ કરીને સ્થૂળ દુઃખમાંથી આંતરિક દુઃખ સમજવામાં અને તેઓને ઓછાં કરવામાં પ્રયત્ન કરવામાં આવે, ત્યારે આ પ્રાણી ખરી પ્રગતિ કરે છે અને એવી રીતે પ્રગતિ કરતાં જેમ જેમ આગળ વધતો જાય છે તેમ તેમ અન્યનાં દુઃખોના વિશેષ વિશેષ ઉપાયો કરતાં પોતાનાં આંતરદુઃખોનું ઓસડ પણ કરતો જાય છે. આવી રીતે પરનું ભલું કરવા જતાં પોતાનું ભલું થઈ જાય છે.

લડાઇના વખતમાં રણક્ષેત્રમાં પીડાતા, હોસ્પીટલોમાં દુઃખ પામતા અનેક મનુષ્યોને રેડક્રોસ સોસાઇટીવાળા કેટલી સગવડ કરી આપે છે અને પોતાની પ્રજાના કે દુશ્મન વર્ગના માણસનો જરાપણ ભેદ રાખ્યા વગર કેવું સેવાકાર્ય બજાવે છે તે વર્તમાન વિગ્રહની હકીકત વાંચનારથી અજાણ્યું નથી. મનુષ્ય જાતની દયાને અંગે હોસ્પીટલો, સેનીટરીયમો વિગેરે ખોલીને અનેક કાર્યો કરવામાં આવે છે, તેવી જ રીતે આ લડાઇમાં ઘોડાનાં દુઃખના ઉપાયો કરવા માટે એક બ્લુ ક્રોસનો નવો વર્ગ નીકળ્યો છે. ઘોડાનાં દુઃખ તરફ તો મોટી લડાઇઓમાં કોઇ દરકાર પણ કરતું નથી, અને મોટી લડાઇમાં ઘોડાઓ ઘણી મોટી સંખ્યામાં રોકાય અને મરે તે સમજાય તેવી હકીકત છે. આવી જ રીતે કેટલાક પ્રાણીઓ દેશસેવામાં જીવન અર્પણ કરે છે, કેટલાક અન્ય હિત સાધવા માટે દીક્ષા લે છે અને કેટલાક ઉપદેશ આપીને પારકાને ઠેકાણે લઇ આવવા પ્રયત્ન કરે છે. બાહ્યદૃષ્ટિએ અને આંતરદૃષ્ટિએ અનેક રીતે દયાને અમલમાં મૂકી શકાય છે. બાહ્યદયા—દ્રવ્યદયાનો વિષય નિશ્ચયદયા કે ભાવદયાને અંગે તદ્દન સ્થૂળ છે, પ્રાથમિક છે, પણ શરૂઆતને અંગે આદરવા યોગ્ય છે, એ દ્વારા પ્રાણી આગળ વધી શકે છે અને વધી ગયા પછી ભાવદયાની બાબત હાથમાં લઈ લે છે તેથી તેને બહુ ફાયદો થાય છે. ભાવદયાનાં દૃષ્ટાન્તો અને સ્થૂળ—દ્રવ્યદયાનાં દૃષ્ટાન્તો નજીક નજીક વિષયને અંગે આવી ગયા છે, બાકી—દ્રવ્યદયા અને ભાવદયામાં બહુ તફાવત છે. આખો વિષય વાંચવાથી એ બાબત સ્પષ્ટ થઈ ગયેલી હોવી જોઇએ તેથી તે પર અત્ર પુનરાવર્તન કરવાની જરૂર રહેતી નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પ્રમાણે હોવાથી જેમ બને તેમ દુઃખી ઉપર દયા લાવી ભવિષ્યમાં કોઈને થનાર દુઃખને પણ ખ્યાલમાં લઈ શારીરિક કે માનસિક દુઃખ ન થાય એમ વર્તવાની સર્વની ફરજ છે. આ બાબતમાં બરાબર દૃઢ રહી શકાય તે માટે હિંસાના પ્રસંગોથી જ દૂર રહેવાની ભલામણ કરવામાં આવે છે, જેથી અહિંસાનો નિયમ બરાબર પળી શકે. વાલ્મીકિ રામાયણના અરણ્યકાંડના નવમા સર્ગમાં રામ જે વખતે ધનુષ્યનો ટંકાર કરતા દંડકારણ્યમાં ચાલ્યા જાય છે ત્યારે સીતા યોગ્ય શબ્દોમાં પોતાના પતિને કહે છે કે–" હે નરસિંહ ! પુરૂષને મોહને લીધે પારકા પ્રાણનો નાશ કરવા રૂપ જે ભયંકર વ્યસન પ્રાપ્ત થાય છે, તે આપને પ્રાપ્ત થયું છે, તેથી હે શૂરવીર ! દંડક વનને વિષે વિચરવું મને રૂચતું નથી. તેનું કારણ એજ કે શસ્ત્ર ધરેલા તમે બન્ને બાંધવ, વનમાંના અનેક પ્રાણીઓ ઉપર તેનો ઉપયોગ કરશો. અગ્નિની પાસે પડેલા કાષ્ટ જેમ અગ્નિના તેજ–બળને વૃદ્ધિ પમાડે છે, તેમ ક્ષત્રિયને પણ પાસે આવેલું ધનુષ્ય તેના તેજ અને બળને અધિક વૃદ્ધિ પમાડે છે. શસ્ત્ર શાંતને ક્રોધી બનાવે છે ને મંદ પુરૂષને વીર કરી મૂકે છે. શસ્ત્રના સંગથી પુણ્યવાન્ પુરૂષ પણ અધઃપતન પામે છે. એ સંબંધે એક ઇતિહાસ કહું તે સાંભળો:–

" પૂર્વે એક પવિત્ર અને શાંત વનને વિષે એક સત્યવાદી તપસ્વી રહેતો હતો. એની તપશ્ચર્યાનું બળ એટલું વૃદ્ધિ પામ્યું કે જેને લીધે સમગ્ર દેવતાઓ બહુ અકળાવા લાગ્યા અને વિચારવા લાગ્યા કે હજુ પણ જો એ તપસ્વી પોતાનું તપ ચાલુ રાખશે તો આપણા અધિકારમાંનો કોઇ મોટો અધિકાર સંપાદન કરી આપણી હેલના કરશે, માટે કોઇ પણ પ્રકારે તેના તપમાં વિઘ્ન નાખવું. તેમણે એ બાબત ઇંદ્રને વિનંતિ કરી. દેવતાઓની વિનંતિથી શચિપતિ ઈંદ્ર તુરત એક લડવૈયા (યોદ્ધા)નું સ્વરૂપ લઈ હાથમાં ઉત્તમ ખડ્ગ ધારણ કરીને તે તપસ્વી આગળ આવ્યા ને તેને પોતાનું ખડ્ગ આપી ' હું આવું ત્યાં સુધી કૃપા કરી આ મારૂં ખડ્ગ આપ થાપણ રૂપે સાચવો ' એવી રીતે કહીને ત્યાંથી ચાલ્યા ગયા. એ ખડ્ગ તપસ્વીના આશ્રમમાં રહ્યું અને તપસ્વી વચને બંધાયલા હોવાથી તે ખડ્ગરૂપી થાપણનું ઘણી કાળજીથી રક્ષણ કરવા લાગ્યા. આશ્રમમાં કોઇ આવીને તેને ઉપાડી જાય તેવા ભયથી તે ખડ્ગને એક ઠેકાણે આશ્રમમાં ન મૂકતાં પોતે વનમાં જ્યાં જાય ત્યાં સાથે લઇ જાય. ફળ, મૂળ, સમિધ વિગેરે લેવા માટે જરા બહાર જાય તો પણ તેને સાથે લીધા વગર જાય નહિ. આવી રીતે તેને શસ્ત્રની સંગત લાગવાથી અનાયાસેજ તે શસ્ત્રનો ઉપયોગ કદિ કદિ તેનાથી થઇ જવા લાગ્યો અને ધીરે ધીરે વનસ્પતિ, વૃક્ષની ડાળીઓ, ઝાંખરાંઓ વિગેરે ઉપર તેને ચલાવતાં સહજ રીતે તેની બુદ્ધિ કઠોર થતી ગઈ. પછી તો તે ખડ્ગથીજ તેણે સઘળું કામ લેવા માંડ્યું અને તેમ કરતાં વખતે કોઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાધારણ પ્રાણીનો વધ થઈ જાય તો પણ તે કંઇ લેખવતા નહિ. આથી ધીરે ધીરે પાપનો વધારો થતાં આપોઆપ તેની બુદ્ધિ રૌદ્રપણાને પામી, અને શસ્ત્રના સંબંધથી હિંસારૂપ મહા રૌદ્રકર્મ કરવા લાગ્યા. ધર્મનો ધ્વંસ કરી, દયા શાંતિને તજી દીધી ને તપશ્ચર્યા છોડી ઉન્મત્ત થઇ ઇચ્છામાં આવે તેમ વિચરવા લાગ્યા. આમ કરતાં છેવટે તેના સર્વ સત્કર્મોનો નાશ થવા ઉપરાંત તે અંત સમયે નરકવાસ પામ્યા. આવો શસ્ત્રસંગતિનો દુષ્પ્રતાપ છે અને તેમાં કાંઇ પણ આશ્ચર્ય નથી. કેમકે જેમ કાષ્ટને અગ્નિના સંયોગથી વિકાર થાય છે તેમ પુરૂષને શસ્ત્રના સંયોગથી વિકાર થાય છે. આ સઘળું હું આપને સ્નેહ તથા અતિ માનને લીધે યાદ કરાવું છું, આપને ઉપદેશ આપતી નથી."

સતી સીતાના આ શબ્દો બહુ મનન કરવા યોગ્ય છે. શસ્ત્રના સંગથી પણ બુદ્ધિમાં આટલો વિકાર થાય છે અને સ્થૂળ હિંસામાં પ્રવૃત્તિ થાય છે એ બહુ સમજવા યોગ્ય છે. આ પ્રાણી નિમિત્તવાસી છે. એને સારાં નિમિત્તો મળે તો એ શુભ માર્ગે પ્રવર્તન કરે છે અને નિકૃષ્ટ પ્રસંગો મળે તો તે નીચો ઉતરી જાય છે. 'તુખમે તાસીર, સોબતે અસર' એ જાણીતી કહેવત છે. ભાવદયાના પ્રસંગમાં પણ એ પરભાવમાં રમણ કરતો હોય તો તેની અસર તેના પર થયા વગર રહી શકતી નથી. આથી સંયોગો જેમ બને તેમ સુધારી લેવા.

આ હકીકતનું સમર્થન કરવા માટે પાતંજળ યોગદર્શનમાં એક વાત કહી છે તે બરાબર બેસતી આવે છે તે વિચારી જઇએ. પાંચ નિયમમાં અહિંસા નિયમ પ્રથમ છે. જીવ વધનો સર્વથા ત્યાગ કરતાં આ નિયમમાં પ્રગતિ થતી જાય છે અને તેથી છેવટે એટલી શાંતિ આવી જાય છે કે, જીવહિંસા નહિ કરનારનું વાતાવરણ પણ હિંસા વગરનું થઈ જાય છે. तत्र खलु अहिंसाप्रतिष्ठायां तत्सन्निधौ वैरत्यागः એક ઉત્તમ મનુષ્યમાં અહિંસા જ્યારે પ્રતિષ્ઠા પામે-સ્થિર થઇ જાય ત્યારે તેની આજુબાજુમાં પણ વૈરનો ત્યાગ થઇ જાય છે. અહિંસાનું વાતાવરણ તે એટલું બધું ફેલાવી શકે છે. તેની નજીકમાં કોઇ પ્રાણી હિંસા કરતું નથી એટલું જ નહિ પણ કુદરતી વૈર પણ ભૂલી જાય છે. તીર્થંકર મહારાજના સમવસરણના ત્રીજા ગઢમાં જનાવરો બેસે છે તેમાં બિલાડી અને ઉંદર, સિંહ અને હરણ, નોળીયો અને સર્પ સર્વ સાથે બેસે છે પણ તેમને અરસપરસ વેરની જાગૃતિ થતી નથી. અમને આ બાબતમાં જરા પણ અતિશયોક્તિ લાગતી નથી. કારણ કે કોઇ અત્યંત શાંત ત્યાગીના પ્રસંગમાં આવવાનું બનશે તો વાંચકોને પણ જણાશે કે જ્યારે એમની પાસે બેસવામાં આવે છે ત્યારે તે આપણી સાથે વાત કરતા હોય કે ન હોય તો પણ જાણે એ પ્રસંગે આપણા મન ઉપર એક પ્રકારની શાંતિ આવી જાય છે, મનમાં જે ગડબડાટ સંસાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અભ્યાસ સંબંધી ચાલતો હોય છે તે ઓગળી જતો–દૂર થતો માલૂમ પડે છે અને મનને જાણે કાંઇ આશ્રમસ્થાન મળ્યું હોય તેમ જણાય છે.

કરૂણા ભાવનામાં દુઃખ દૂર કરવાની ઇચ્છા થાય છે. તે કરૂણા ચાર પ્રકારની છે. ૧ મોહજન્યા કરૂણા, ૨ દુઃખિત દર્શનજન્યા કરૂણા, ૩ સંવેગજન્યા કરૂણા અને ૪ અન્યહિતયુતા કરૂણા. એક પ્રાણીને અત્યંત વ્યાધિ થયેલ હોય, વૈદ્યે કે ડોકટરે અમુક વસ્તુ ખાવાનીજ આજ્ઞા કરી હોય અથવા તદ્દન ખાવાની મનાઇ કરી હોય તે વખતે વ્યાધિગ્રસ્ત માણસના દિલ ઉશ્કેરનારા શબ્દોથી વિચાર કર્યા વગર તેને ન પચે તેવું ભોજન આપવાની દયા કરવી તે મોહજન્યા કરૂણા. આ મોહજન્યા કરૂણામાં આગળ પાછળનો વિચાર હોતો નથી, કર્ત્તવ્ય અકર્ત્તવ્યનું ભાન હોતું નથી, સદસદ્વિચારણા હોતી નથી. ઇચ્છા માત્ર દયાની છે, પણ બીજો વિચાર હોતો નથી. દુઃખી પ્રાણીને જોઇને તેને આહાર, ધન આદિની મદદ કરવી, સાધનો યોજી આપવાં, નિરૂદ્યમી હોય તેને ઉદ્યમે ચડાવવાં એ સર્વનો સમાવેશ બીજી દુઃખિત દર્શનજન્યા કરૂણામાં થાય છે. આમાં ઘણું ખરૂં દ્રવ્યદયાનો સમાવેશ થાય છે. સંવેગજન્યા કરૂણામાં સંસારનાં પ્રાણીઓને માની લીધેલા સુખને પરિણામે સંસારમાં વધારે રખડતાં જોઈ સુખીના સુખનો અને પરિણામે દુઃખનો ખ્યાલ કરી તેમના પર મનમાં દયા આવે અને તેઓ ખોટા સુખથી બચી અપરિમિત આત્મીય સુખ ભોગવે એવી ઇચ્છા થાય તેનો સમાવેશ થાય છે. અન્યહિતયુતા કરૂણામાં સર્વ પ્રાણીનું હિત કેમ થાય, વાસ્તવિક રીતે તેઓની ઉત્કાન્તિ કેમ થાય એ સર્વ બાબતનો વિચાર થાય છે. આ ચોથી કરૂણા સ્વાભાવિક રીતે અંતઃકરણની નિર્મળ વૃત્તિથી થઈ આવે છે.

આવી રીતે કરૂણા–દયાનો વિષય આપણે જૂદા જૂદા દષ્ટિબિન્દુથી તપાસ્યો. એનાપર શાંતિનાથ પ્રભુ વિગેરેના બહુ બહુ દષ્ટાન્તો શાસ્ત્રમાં મોજુદ છે. એ વિષય પર એટલું બધું લખાયલું છે કે એનો અભ્યાસ કરતાં આખી જીંદગી પણ ઓછી ગણાય. મતલબ કહેવાની એ છે કે આ પ્રાણીમાં સૌજન્ય લાવવા માટે તેનામાં દયા ગુણ સર્વથી મુખ્યપણે હોવો જોઇએ. બાહ્ય અથવા આંતરિક, સ્થૂળ કે આધ્યાત્મિક કોઇપણ પ્રકારના દુઃખથી પીડાતા પ્રાણીને જોઇને આ જીવને અંતઃકરણમાં અરેરાટી આવે ત્યારે તે ખરેખર સજ્જન છે એમ સમજવું. એ પ્રમાણે સજ્જનપણું રાખવામાં ખાસ કરીને મનને બહુજ નિર્મળ કરવાની જરૂર છે અને મનની નિર્મળતા સાથે એ ગુણ સંબંધ રાખે છે. સંયોગો અનુકૂળ, ચેતન પ્રગત અને શુદ્ધ જ્ઞાનનો ઉપયોગ હોય તો અહિંસાના પ્રસંગથી પ્રાણી બહુ આગળ વધી જાય છે.–દૂર જાય છે. સૌજન્યના અતિ અગત્યના વિષય ઉપર ખાસ ધ્યાન આપવા માટે વારંવાર વિજ્ઞપ્તિ કરવાની જરૂર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહેલી નથી. આ વિષયને સર્વથી છેલ્લો મુકી તેની મહત્તા ખાસ બતાવી છે. જેમ રમ્ય મંદિરને શિખર ચડાવવાથી તેની સંપૂર્ણતા અને ઉત્કૃષ્ટતા થાય છે તેમ આ સૌજન્યના જૂદા જૂદા વિષયોપર આ છેવટના અહિંસાના–દુઃખી પર દયા કરવાના વિષયથી શિખર ચઢે છે અને એ સર્વ બાબતોને ખાસ શોભાવે છે. જૈન માર્ગના ખાસ અગત્યના વિષય તરીકે સ્પષ્ટપણે પ્રતિપાદન થયેલ આ ઉત્કૃષ્ટ દયાનો સિદ્ધાન્ત વારંવાર વિચારી અમલમાં મૂકવા યોગ્ય છે અને તેમ કરવું તે પરમ સૌજન્ય છે, એમ કહી આ સૌજન્યના વિષયની માળાને અહીં પરિપૂર્ણ કરવામાં આવે છે. તૃષ્ણાનો નાશ કરો, ક્ષમા આદરો, મદ ને મૂકી દો, પાપમાં આનંદ પામો નહિ, સાચું બોલો, સાધુ મહાત્માઓને અનુસરો; વિદ્વાનોની સેવના કરો, માન્ય પુરૂષોને માન આપો, શત્રુનો પણ અનુનય કરો, પોતાના ગુણોને છુપાવો, કીર્ત્તિની પાલના કરો. અને દુઃખીપર દયા કરો. આ સજ્જનનાં લક્ષણ છે, પ્રગતિના પગલાં છે, મોક્ષમહેલપર ચઢવાની નિસરણી છે, ભવસમુદ્ર તરવાની નૌકાઓ છે, સંસારકાંતારમાંથી બહાર નીકળવાનો માર્ગ બતાવનાર (ગાઈડ) છે, નીતિની અને ધર્મની વાટિકા છે. એને મનન કરવામાં, વિચારવામાં, ચર્ચવામાં, અમલમાં મૂકવામાં સંસારયાત્રાની સફળતા છે, આત્મહિત સાધનાનો એ ઉત્તમ ઉપાય છે અને સર્વ દુઃખોથી મુક્ત થવાની શરૂઆતનું પ્રસ્થાન છે. મૌક્તિક.

# चंदराजाना रास उपरथी नीकळतो सार.

( અનુસંધાન પૃષ્ટ ૧૩૮ થી )

## પ્રકરણ ૨૬ મું.

ચંદરાજાએ વીરમતીને પરલોક પહોંચાડી એ વાર્ત્તા એક દેવે આકાશમાર્ગે આભાપુરી આવીને ગુણાવળીને કહી. ગુણાવળી ઘણી ખુશી થઇ, દેવ સ્વસ્થાને ગયો. ગુણાવળીએ તરતજ મંત્રીને બોલાવીને એ વાત કરી. તે પણ ઘણો ખુશી થયો. તેણે કહ્યું કે ‘ ભવની ભાવઠ ગઈ ને નિરાંત થઈ. ’ પછી મંત્રીએ તે વાત શહેરમાં વિસ્તારી. લોકો પણ તે હકીકત સાંભળીને આનંદિત થયા, અને હવે ચંદરાજા વહેલા પધારશે એમ આગાહી કરવા લાગ્યા. પ્રજાજને મળીને ચંદરાજા ઉપર એક પત્ર લખી મુદ્દામ માણસ વિમળાપુરી મોકલ્યો. તેની અંદર તાકીદે આભાપુરી પધારવાનું આમંત્રણ કર્યું.

હવે ગુણાવળી હર્ષિત થઈ સતી વિચારે છે કે–“ મારા ચિત્તનો ચોર સોરઠદેશમાં નિવાસ કરી રહ્યો છે–પ્રેમલાલચ્છીએ મારૂં બહેનપણું ખરેખરૂં સિદ્ધ કર્યું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, કેમકે તેના પ્રયાસથીજ મારા સ્વામી મનુષ્યપણું પામ્યા છે પણ સાથે સાથે તેણે શોક્યપણું પણ બતાવી આપ્યું છે. કારણ કે પતિને ત્યાંજ ભોળવીને રોકી રાખ્યા છે. હવે તો કોઈ ત્યાં જઈને કહે ને સમજાવે કે ' સાસરે વધારે રહેવાથી પુરૂષની શોભા ઘટે છે ' તો તે અહીં વહેલા પધારે; પણ એવી મારી વકીલાત કોણ કરે. લોકો કહે છે કે ' પહેલી પરણેલી સ્ત્રી પુરૂષને પ્યારી હોય છે. ' પરંતુ કેટલાક એમ પણ કહે છે કે–' નવું હોય તે વહાલું લાગે છે. ' જુઓ ! પૂર્ણિમાનો ચંદ્રમા પૂર્ણ પ્રકાશિત હોય છે છતાં કોઇ તેની સામું જોતું નથી; અને બીજના નાના સરખા ચંદ્રમાને સૌ જુએ છે. મારા પતિને પણ પ્રેમલા પ્યારી થઇ પડી છે. હું સાસુને વચને ચાલી તેથી અકારી થઇ છું. વળી જ્યાં કુકડા થયેલા ત્યાં આવવું કેમ ગમે ? પરંતુ તેને ખબર નથી કે હું તેના વિના ઝુરી ઝુરીને દિવસો નિર્ગમું છું અને મારી રાત્રી આંસુથી ભીંજેલા વસ્ત્રોવડેજ વ્યતીત થાય છે. મારૂં શરીર તેમના વિરહાગ્નિથી બળી રહ્યું છે, તેને શાંત કરનાર તેઓ એકજ છે. ”

આ પ્રમાણે ગુણાવળી ઝુરે છે તેવામાં એક સુડો ત્યાં આવ્યો અને તે મનુષ્ય ભાષાએ બોલ્યો કે–“ હે સુંદર રમણી ! તને કોણે દુહવી છે ? તું આવી દયામણી કેમ થઈ ગઈ છું ? હું દેવતાઇ પક્ષી છું તેથી તારા દુઃખની વાત મને કહે કે જેથી હું તત્કાળ તારૂં દુઃખ દૂર કરૂં. ” સુડાનાં આ પ્રમાણેનાં શબ્દો સાંભળીને ચમત્કાર પામેલી ગુણાવળી બોલી કે–“ હે પક્ષીરાજ ! મારા પતિ વિદેશે છે તેજ મને દુઃખ છે. વળી મારો સંદેશો પણ કોઈ ત્યાં પહોંચાડતું નથી, અને ત્યાંનો સંદેશો લાવતું નથી. મારા અંતરની વાત માત્ર જ્ઞાનીજ જાણી શકે એમ છે. ” સુડાએ કહ્યું કે– “ બહેન ! તમે ચિંતા ન કરો, કાગળ લખીને મને આપો, હું તમારા સ્વામીને હાથોહાથ પહોંચાડીશ. ” ગુણાવળીએ તરતજ કાગળ લખી આપ્યો. પરંતુ લખતાં લખતાં આંખમાંથી આંસુઓ ટપક્યા કર્યાં. પછી તેવીજ સ્થિતિમાં કાગળ વીંટીને સુડાને આપ્યો. સુડો કાગળ લઈ આકાશમાર્ગે ચાલ્યો અને સત્વર વિમળાપુરી પહોંચી ચંદરાજાને હાથોહાથ કાગળ આપ્યો.

ચંદરાજા કાગળ ખોલીને વાંચવા લાગ્યા. કાગળ લખનાર ગુણાવળી છે અને આભાપુરી તાકીદે પધારવા વિનંતિ કરે છે એટલું સમજાણું. બાકી આંસુના ટપકા પડવાથી અક્ષરો રેળાઈ ગયેલા હોવાથી સંપૂર્ણ પત્ર તો વાંચી શકાણો નહીં. કાગળની મતલબ સમજવાથી ચંદરાજા વિચારવા લાગ્યા કે–' હું અહીં રોકાઇ રહ્યો છું, ગુણાવળી એકલી છે, તેના દિવસો કેમ જતા હશે ? વળી હવે હું મારી આભાપુરી સંભાળું, રાણીની પણ સંભાળ લઉં, કારણકે તેની સાથે બાળપણાની અખંડ પ્રીતિ છે. ' આ પ્રમાણેના વિચારોથી ચંદરાજાનું ચિત્ત ઉદાસ થઈ ગયું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રેમલાલચ્છી એ પ્રમાણે ઉદાસ થયેલા જોઇને પૂછવા લાગી કે–"હે સ્વામિન્! શા વિચારમાં પડ્યા છે? શું તમારો દેશ સાંભર્યો કે પ્રથમની સ્ત્રી સાંભરી? આ સોરઠ દેશ અને નવી સ્ત્રી નથી ગમતી? હે સ્વામી! જો ગુણાવળીજ સાંભરી હોય અને તેથી ઉદાસ થયા હો તો તેને અહીં તેડાવો. હું તેની તાબેદાર થઇને રહીશ, તેની આજ્ઞા લોપીશ નહીં. વળી આ સોરઠ દેશનું રાજ્ય મારા પિતાએ તમને સોંપ્યું છે તો તે મોઢામાં આવેલો કોળીઓ મૂકી દેવાનો વિચાર શા માટે કરો છો?"

ચંદરાજા બોલ્યા કે–"હે ચંદ્રાનને! ત્યાં મારી આભાપૂરી શૂન્ય છે. તેની સ્થિતિ અરાજક થઈ પડી છે. વળી વીરમતીએ દુહવેલા સીમાડાના રાજાઓ પણ ઉપદ્રવ કરે છે; તેને પણ વશ કરવાની જરૂર છે. ત્યાંથી પત્ર પણ આવ્યો છે, તેથી ત્યાં ગયા વિના પણ છુટકો નથી." પતિનાં આ પ્રમાણેનાં વચનોથી પ્રેમલા તો તરતજ સમજી ગઈ. પછી તેના પિતાને સમજાવવા માટે ચંદરાજા તેમની પાસે ગયા અને બધી હકીકત નિવેદન કરી. ચંદરાજાએ કહ્યું કે–"આભાપુરીથી તેડું આવ્યું છે, તેથી ત્યાં ગયા વિના છુટકો નથી. તે રાજ્ય પણ સંભાળવાની જરૂર છે. રાજા વિના તે નગરી હાલ શૂન્ય થઈ ગઈ છે. આપે મને એટલું બધું સુખ અને મહત્ત્વ આપ્યું છે કે આપને છોડીને ત્યાં જવું મને ગમતું નથી. આપનો મારા ઉપર મોટો ઉપકાર છે. તમારી સજ્જનતા મારાથી ભૂલી શકાય તેમ નથી. હવે જો આપ રજા આપો તો હું ત્યાં જઉં અને મારૂં રાજ્ય સંભાળું. પરંતુ આપ કાગળો લખશો, મને ભૂલી જશો નહીં અને જેવો સ્નેહ છે તેવો નિભાવશો."

આ પ્રમાણેના ચંદરાજાના વચનો સાંભળીને મકરધ્વજ રાજાએ તેમને રહેવા માટે અનેક પ્રકારે સમજાવ્યા પણ જ્યારે તેમણે પોતાનો વિચાર ફેરવ્યો નહીં ત્યારે પછી મકરધ્વજ રાજાએ કહ્યું કે–"ગજ વિફર્યો તે હાથમાં રહે નહીં, બાંધ્યે કણબીએ ખેતી થાય નહીં, માગ્યા ઘરેણાં કાયમ રહે નહીં, પરોણે ઘર વસે નહીં, પરદેશી સાથેની માયા કાયમ નભે નહીં, તો ભલે પધારો. તમે અહીંથી તો જશો પણ અમારા હૃદયમાથી જાઓ તો સાબાશી આપું." આ પ્રમાણે બહુ યુક્તિ પ્રયુક્તિથી કહી જોવા છતાં પણ ચંદરાજાનો આગ્રહ કાયમ રહેવાથી તેમણે રાજી થઇને રજા આપી અને તેમને માટે તૈયારી કરવા સેવકોને આજ્ઞા કરી. ચંદરાજા ખુશી થઇને પોતાને ઉતારે આવ્યા અને પોતાના સામંતોને તૈયાર થવા આજ્ઞા કરી. અહીં મકરધ્વજ રાજાએ પ્રેમલાલચ્છીને બોલાવીને કહ્યું કે–"તું અમને અત્યંત વહાલી છું, ગુણની પેટી સમાન છું, તારા પતિ આભાનગરી જવા ઉત્સુક થઈ રહ્યા છે, ઘણું સમજાવ્યા પણ સમજતા નથી, તો હવે તારે તેમની સાથે જવું છે કે અહીં રહેવું છે?"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રેમલાએ કહ્યું કે–"હે પિતાજી! જ્યાં દેહ ત્યાં જ છાયા હોય. તેથી હું મારા પતિ સાથે જ જઈશ. એકવાર ચૂકી હતી તેમ હવે ફરીને નહીં ચૂકું." પ્રેમલાનો પણ આવો નિશ્ચય જાણીને તેની માતાએ વિચાર્યું કે–"પ્રસવો તો પુત્રજ પ્રસવજો, પુત્રી ગમે તેવી ડાહી હોય, સમજુ હોય, પિયરના પ્રેમવાળી હોય તો પણ ખરે અવસરે તે પિયરથી વિમુખજ થાય છે. સો દીકરી હોય તો પણ તે પારકી વસ્તી છે, તેનાથી પિતાનું ઘર ઉઘાડું રહેતું નથી. વળી સાસરામાં પુષ્કળ દ્રવ્ય હોય અને પિયર સામાન્ય સ્થિતિવાળું હોય તો પણ પુત્રી ત્યાંથી લઈ જવા ઇચ્છે છે. પતિની સાથે લુબ્ધ રહે છે અને પિયર તરફ ધ્યાન પણ આપતી નથી." આ પ્રમાણે વિચાર કર્યા પછી પ્રેમલાના માતાપિતાએ પુત્રીનું સુખ પતિસંગે રહેવામાં છે એમ નિરધાર કરી તેને માટે યોગ્ય તૈયારી કરી. તેને મનગમતા દાસદાસીઓ, વસ્ત્રો, અલંકારો, શય્યાઓ, વાહનો અને મેવા–મિઠાઇઓ વિગેરે આપ્યું. અહીં તમામ તૈયારી થઇ એટલે ચંદરાજા પણ તૈયાર થઈ ઘોડાપર બેસીને ત્યાં આવ્યા. એટલે પ્રેમલાના માતાપિતાએ તેને યોગ્ય વાહનમાં બેસારી. પછી તેઓ ચંદરાજા પ્રત્યે કહેવા લાગ્યા કે–"આ અમારી પુત્રી આજસુધી તમારી થાપણ તરીકે અમે જાળવી હતી તે આજે તમને સોંપીએ છીએ. તેને સારી રીતે રાખજો, તેની લાજ વધારવી તે તમારા હાથમાં છે. તે કાંઈ સમજતી નથી, ઘર બહાર નીકળી નથી, વળી લાડકવાઇ છે–લાડમાં ઉછરેલી છે તો તેની કદિ ભૂલ થાય તો તે દરગુજર કરજો. અમારૂં મન કોઇ રીતે તેને મોકલતાં વધતું નથી, પરંતુ પતિની સાથે જતાં તેને અમે રોકી શકતા નથી. તમે પાછા આ તમારૂં રાજ્ય સંભાળવા વહેલાં પધારજો અને વડ વૃક્ષની જેમ વિસ્તાર પામજો."

ત્યારપછી પ્રેમલાને વળાવતાં તેની માતા તેને આલિંગન દઈ–ભેટીને કહેવા લાગી કે–"હે પુત્રી! તું સાસરે જઇને પીયરની લાજ વધારજે. શોકને મોટી બહેન માની તેનું મન જાળવજે. સાસુ–સસરા તો છે નહીં તેથી પ્રિતમનું મન પૂરેપૂરૂં જાળવજે. કોઈની સાથે ફોગટ રોષ કરીશ નહીં. અમે જાણીએ છીએ કે તું ડાહી છું તેથી તારામાં ભૂલ આવે તેમ નથી, તો પણ અમારી ફરજ હોવાથી કહીએ છીએ કે તું ગમે તેવા સંકટમાં પણ દેવ, ગુરૂ, ધર્મને ચુકીશ નહીં. તે સંબંધમાં કિંચિત્ પણ ભોળપણ રાખીશ નહીં. દાનપુણ્ય કરવાના સંબંધમાં તો તને શું કહીએ? તે તો તારી રોજની ક્રિઆ છે. તું કોઈ પણ જીવને દુ:ખ ઉત્પન્ન કરીશ નહીં." આ પ્રમાણે કહીને માતાએ વિયોગ દુ:ખથી આંસુવડે તેને ન્હવરાવી દીધી. પ્રેમલાનું મન પણ માતાપિતાને તજતાં ઘણું દુભાણું. તેની બાલ્યાવસ્થાની સંગતવાળી સખીઓ એકઠી થઇને આવી. તે પણ તેના વિયોગે બહુ ખેદ પામી. પ્રે-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાસુએ તેમને સ્નેહ વચનોથી શાંત કરી, તે વખતે દેવો પણ સ્થિર થઈને જોઈ રહ્યા. પછી સૌને મળી ભેટીને પ્રેમલાએ રજા લીધી. સાસુએ ચંદરાજાના ભાલ સ્થળમાં તિલક કર્યું. હાથમાં શ્રીફળ આપ્યું. પછી ચંદરાજાની આજ્ઞા થતાં તેની સાથેની સેનાએ આભાપુરી તરફ પ્રયાણ કર્યું.

આગળ નોબત વાગતે ચંદરાજા શહેરના મધ્યમાં થઈને નીકળ્યા. મકરધ્વજ રાજા પણ સાથે ચાલ્યા. ચહુટામાં આવતાં નગરજનોએ મુક્તાફળવડે વધાવ્યા. યુવતીઓએ ગીત ગાન કરીને 'ચંદરાજાને પ્રેમલાલચ્છીનું જોડું ચીરંજીવ રહો' એવી આશીષ આપી. એ પ્રમાણે આનંદ મહોચ્છવ પૂર્વક ચાલતાં અનુક્રમે સિદ્ધાચળ સમીપે આવ્યા. તેની તળેટી સમિપે આવી એ મહાતીર્થનું વંદન કર્યું, સ્તવના કરી, પછી શ્વસુરાદિક સર્વને ચંદરાજાએ રજા આપી અને પોતે આભાનગરી તરફ અવિચ્છિન્ન પ્રયાણ કર્યું.

માર્ગે ચાલતાં શિવકુમર નટ સાથે છે તે દરરોજ નવાનવા નાટકો કરે છે અને ચંદરાજાને આનંદ પમાડે છે. એ પ્રમાણે પ્રયાણ કરતાં, દેશ વિદેશ જોતાં, અનેક રાજાઓને વશ કરતાં, સૈન્યમાં વૃદ્ધિ કરતાં અને અનેક રાજપુત્રીઓને પરણતાં અનુક્રમે ચંદરાજા પોતનપુર પાસે આવ્યા અને ત્યાં પડાવ કર્યો.

આ પોતનપુર તેજ છે કે જ્યાં ચંદરાજા કુર્કટપણે નટ સાથે આવ્યા હતા. અને તેના બોલવાથી લીલાધર શ્રેષ્ઠીપુત્ર જે કુર્કટની વાણીનું શુકન થવા માટેજ પરદેશ જતો રોકાઇ રહ્યો હતો અને કુર્કટનો શબ્દ સાંભળતાં તરતજ પરદેશ ગયો હતો. દૈવયોગે ચંદરાજા ત્યાં આવ્યા તેજ દિવસે લીલાધર પણ પરદેશથી આવ્યો. એટલે તેના કુટુંબમાં સર્વત્ર આનંદ પ્રસરી રહ્યો. પછી તે લીલાધરની સ્ત્રી લીલાવતી કે જેને કુર્કટ સાથે અત્યંત પ્રેમ બંધાણો હતો તેણે પતિની આજ્ઞાથી ચંદરાજાને પોતાને ત્યાં નોતર્યા અને તેની અનેક પ્રકારે ભોજનાદિકવડે ભક્તિ કરી. ચંદરાજાએ પણ તેને બહેન તરીકે માનેલી હતી તેથી સાસરવાસો સારી રીતે કર્યો અર્થાત્ વસ્ત્રાભૂષણાદિ પુષ્કળ આપ્યું. પછી રજા લઈને પોતાને ઉતારે આવ્યા. હવે તે રાત્રીએ જે ચમત્કાર થયો તે સાંભળો.

આ રાત્રીએ ચંદરાજાના શીળની ખરેખરી પરીક્ષા થશે. તે હકીકત આપણે હવે પછીના પ્રકરણમાં વાંચીશું. સુવર્ણ જેમ અગ્નિમાં પડ્યા છતાં વિશુદ્ધ રહે તેમ ચંદરાજા આ કસોટીમાંથી વિશુદ્ધ ઉતરશે, તેની ઉત્તમતા જણાઈ આવશે, અને ત્યાર પછી તે આભાપુરી પહોંચીને ઉત્સુક થઇ રહેલી ગુણાવળીને ભેટશે. હાલ તો આ પ્રકરણની અંદર જે રહસ્ય રહેલું છે તે વિચારીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પ્રકરણ ૨૬ માનો સાર.

આ પ્રકરણના પ્રારંભમાં ચંદરાજાએ વીરમતીને પરલોક પહોંચાડ્યાના ખબર આભાપુરી પહોંચે છે. જ્યારે કોઈ વાત કહેનાર ન મળે અથવા ખબર પહોંચતાં મુદત વીતી જાય એટલું તે દૂર છે ત્યારે એક દેવતાજ તે ખબર પહોંચાડે છે, આ ભાગ્યની નીશાની છે. સદ્ગુણી મનુષ્યો પણ વીરમતી જેવા પાપી મનુષ્યનો નાશ થતાં રાજી થાય છે. એ સાધારણ મનુષ્યસ્વભાવ છે. ગુણાવળીને તેણે બહુ પજવેલી હોવાથી તે એક મોટી ફાંસ ગઈ એમ માને છે. તે આ હકીકત મંત્રીને બોલાવીને કહે છે. કારણ કે રાજ્યનો તમામ આધાર રાજાને વિરહે મંત્રી ઉપરજ હોય છે. મંત્રી લોકલાગણી તાજી કરવા તે વાત ફેલાવે છે અને પ્રજાવર્ગ પાસેજ ચંદરાજા ઉપર આમંત્રણ પત્ર લખાવે છે. આ મંત્રીની ખુબી છે. રાજા ને પ્રજાને જેમ બને તેમ વધારે પરસ્પર પ્રેમવાળા રાખવા એ મંત્રીનુંજ કામ છે. તેને ભેદ પડાવવો હોય તો તે સહેજમાં પડાવી શકે છે. નાદાન મંત્રીઓ તેમ કરવામાં જ મજા માને છે અને તોજ પોતાની બંને પક્ષને ગરજ રહેશે એમ ધારે છે, પરંતુ ઉત્તમ મંત્રીઓ તેમ ન કરતાં જેમ બને તેમ પ્રજાને રાજા વચ્ચે ઐક્ય વધે તેમજ ઈચ્છે છે અને તેવોજ પ્રયત્ન કરે છે. પોતાની ગરજ રહો કે ન રહો તેની તે દરકાર કરતા નથી. પણ પોતાની વાસ્તવિક ફરજ બજાવે છે. તેવા મંત્રીઓજ ઉત્તમ ગણાય છે.

પાપીઓ પાપનો ઘડો ભરાય છે ત્યારે સ્વયમેવ તેના કટુ ફળને ભોગવે છે. પરંતુ ઘડો ભરાતા સુધીમાં તેને અમન ચમન કરતા જોઈને કેટલાક ભદ્રીક મનુષ્યો મોહ પામે છે કે ' આવો કૃતઘ્ની, ક્રૂર, પાપી છતાં આવું સુખ ને આવો આનંદ કેમ ભોગવે છે ? ' પરંતુ આ ફળ તેણે પૂર્વે કરેલાં પાપાનુબંધી પુન્યનાં છે. તે ભોગવી રહેશે એટલે સ્પષ્ટ પાપોદય થતાં નરક તિર્યંચાદિ ગતિમાં અસહ્ય દુઃખ સહન કરવા પડશે એ ચોકસ સમજવું. વીરમતીને માટે એમજ થાય છે. ઉત્તમ જનો તેવા પાપીનું પણ અનિષ્ટ ચિંતવતા નથી અને તેનું અનિષ્ટ થયે રાજી પણ થતા નથી, પરંતુ જ્યારે અતિ થઈ પડે છે ત્યારે નિરૂપાય થઈ જાય છે. તે પ્રમાણેજ આમાં પણ બન્યું છે. ચંદરાજાએ તેને શીક્ષા કરી અને ગુણાવળી તે હકીકત સાંભળી રાજી થઇ એ અતિ થવાનું પરિણામ છે. નહીં તો તેવી રીતે કોઈને તેના પાપનું ફળ પ્રાપ્ત થાય તો તે જોઈને પણ ઉત્તમ પુરૂષોને તો ખેદજ થાય છે અને તેની દયાજ આવે છે. કેમકે તેવે પ્રસંગે પણ દિલમાં રાજી થવું તે અશુભ કર્મનો બંધ તો કરાવે છે. ઉત્તમ જનો તો નિરંતર પ્રાણીને કર્મવશ માની તેવે પ્રસંગે મધ્યસ્થ વૃત્તિજ રાખે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે ગુણાવળીને એક તરફની તો નિવૃત્તિ થઇ પણ બીજી તરફની ચિંતા ઉત્પન્ન થાય છે કે હજુ સ્વામી કેમ અહીં પધારતા નથી. પ્રેમલાનો ગુણ માને છે પણ પાછી તેને રોકી રાખ્યા એમ કહીને શોકયપણું પણ જણાવે છે. એવે અવસરે અસહાયકને પણ સહાયક અકસ્માત્ મળી આવે છે. એક સુડો ત્યાં આવે છે, તે કોણ હતો તેનું કાંઇ સ્પષ્ટીકરણ આવતું નથી, પરંતુ ગુણાવળીના ઉપકારમાં દબાયેલો હોવો જોઇએ એમ જણાય છે. તે ગુણાવળીને આશ્વાસન આપે છે અને તેનો પત્ર ચંદરાજાને પહોંચાડે છે, આ કાંઈ થોડો પ્રત્યુપકાર નથી. કારણકે આભાપુરીથી વિમળાપુરી ૧૮૦૦ કોસ દૂર હોવાથી માણસ સાથે મોકલતાં બહુ દિવસો વીતી જાય તે કાર્ય સુડાથી સત્વર બને છે. ગુણાવળીનો કાગળ, તેની સાથેનો પૂર્વનો અપ્રતિમ સ્નેહ અને તેના પત્રમાં પડેલા સંખ્યાબંધ આંસુનાં ટપકાંઓ ચંદરાજાને પૂર્વપ્રેમનું સ્મરણ કરાવે છે. જુઓ ! આંસુ જેવી તુચ્છ વસ્તુ પણ શું કામ કરે છે. જે કામ તેના કાગળે કે અક્ષરોએ ન કર્યું તે આંસુઓ કરે છે. તેણે ચંદરાજાના દિલની લાગણી ઉશ્કેરી અને ગમે તે પ્રકારે સત્વર આભાપુરી જવું એવો નિર્ણય કરાવ્યો. આ દષ્ટાંત ઉપરથી તુચ્છ વસ્તુને પણ એકાંત તુચ્છ માનવી નહીં.

અહીં મકરધ્વજ રાજાના આભારમાં ને પ્રેમલાના પ્રેમમાં ચંદરાજા એવા દબાઈ ગયેલા હતા કે ત્યાંથી નીકળવાનું કહેવું તે પણ તેને ભારે પડી જાય એમ હતું. રાજાએ પોતાનું રાજ્ય આપ્યું હતું અને પ્રેમલાએ મનુષ્યપણું પ્રાપ્ત કરી આપ્યું હતું, આ કારણથી ચંદરાજા ઉદાસ થઈ ગયા. ઇંગિત આકારથી સમજી જનાર વિચક્ષણ પ્રેમલા તરતજ તેમના ઉદાસ થવામાં કાંઈક કારણ છે એમ સમજી ગઈ અને શું કારણ હોવું જોઇએ ? તેનો વિચાર કરતાં ગુણાવળી યાદ આવી હશે તેવી કલ્પના કરી. પછી પોતે વિવેક પૂર્વક તેને તેડાવવા કહ્યું અને પોતે તેની આજ્ઞાંકિત થઈ રહેવા કબુલ કર્યું. ચંદરાજાના અંતઃકરણમાં જો કે તે કારણ પણ હતું, પરંતુ તેને ગૌણ કરી દઇ પોતાનું રાજ્ય સંભાળવાની આવશ્યકતાને આગળ કરીને તેમણે એવી અસરકારક રીતે કહ્યું કે પ્રેમલાએ તે વાત કબુલ કરી.

હવે મકરધ્વજ રાજાને સમજાવવાનો વારો આવ્યો. તેણે પણ ચંદરાજાની દલીલ સ્વીકારી, પરંતુ તેને રોકવા માટે લાગણી ભરેલા ઘણા વાક્યો કહ્યા. ચંદરાજા પોતાના વિચારમાં દ્રઢ રહ્યા એટલે તેમણે રજા આપી અને જવાની તૈયારી કરવા માણસોને સૂચવ્યું. પછી તેમણે પ્રેમલાને નાણી જોવા માટે બોલાવી અને 'અહીં રહીશ કે સાથે જઇશ ?' એમ પૂછ્યું. પ્રેમલાએ પોતાને ઘટિત જવાબજ આપ્યો અને તે રાજાએ પસંદ કર્યો. પોતાને પુત્ર ન હોવાથી અને એકજ પુત્રીનું પણ સાસરે જવાનું થવાથી મકરધ્વજ રાજાને અને તેની રાણીને બહુ લાગી આવ્યું, તેથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાણીએ પુત્રની આવશ્યક્તાસૂચક કેટલાક ઉદ્દગારો કાઢ્યા. પરંતુ છેવટે પ્રેમલાને વળાવવાની તૈયારી કરી અને તેને મનગમતા દાસદાસી અને વસ્ત્રાલંકારાદિ આપ્યા.

ચંદરાજા તૈયાર થઇને નીકળ્યા એટલે પાછળ સુખાસનમાં બેશીને પ્રેમલા પણ નીકળી. નીકળતી વખતે ચંદરાજાને પુત્રી સંબંધી ભલામણ યોગ્ય શબ્દોમાં પ્રેમલાના માતાપિતાએ કરી અને પછી પ્રેમલાને પણ બહુ સારા શબ્દોમાં શીખામણ આપી. તે શીખામણના તમામ વાક્યો ધ્યાન આપવા લાયક છે. હવે ચંદરાજા શહેરના મધ્યમાં થઇને નીકળે છે. તે વખતે નગરજનોને પણ તેના વિયોગની લાગણી ઉત્પન્ન થાય છે. આ બધો સજ્જનતાનો પ્રભાવ છે. નગરજનોની આશીષ્ મેળવી સિદ્ધાચળની તળેટીમાં આવે છે અને ત્યાં ગિરિરાજને વંદન કરી આગળ પ્રયાણ કરતાં મકરધ્વજ રાજા વિગેરેને રજા આપે છે. ઉત્તમ પુરૂષો ક્યારે પણ ધર્મને ચૂકતા નથી. પ્રત્યેક કાર્યમાં ને પ્રત્યેક પ્રસંગમાં તેઓ ધર્મને તો આગળજ કરે છે અને તેના પ્રતાપેજ સુખસંપત્તિની પ્રાપ્તિ અને તેની સ્થિરતા માને છે.

ચંદરાજા આનંદ કરતાં પ્રયાણ કરે છે. ઉત્તમ જનોને તો પૂર્વ પુણ્યની પ્રબળતાથી સર્વત્ર આનંદનાં નિમિત્તો મળી જ આવે છે. અહીં સાથે શિવકુંવર નટ છે તે આનંદ કરાવે છે. તેની સાથે પણ ગાઢ સંબંધ છે. વળી ચંદરાજા તેનો ને તેની પુત્રી શિવમાળાનો અત્યંત ઉપકાર માને છે. માર્ગમાં અનેક રાજાઓ ચંદરાજાના પુન્ય પ્રતાપથી જ વશ થાય છે, લડાઈ કરવી પડતી નથી. તેઓ આજ્ઞા પાળે છે અને પુત્રીઓ પરણાવે છે. આ પ્રમાણે કેટલીક રાજકન્યાઓનું પાણિગ્રહણ કરતાં અનુક્રમે તે પોતનપુર આવે છે.

આ સ્થળ નટોની સાથે કુર્કટાવસ્થામાં પ્રયાણ કરતાં નોંધાયેલું છે. કારણ કે ત્યાં આખા ગામમાંથી કુકડાઓ કાઢી મૂક્યા છતાં આનું અચાનક આવવું થયું હતું, અને તેના શબ્દથી શ્રેષ્ઠીપુત્ર લીલાધર જે કુર્કટના શબ્દ માટે રોકાઈ રહેલો તે પરદેશ ગયો હતો. દૈવયોગ એવો બને છે કે ચંદરાજાનું ને તે શ્રેષ્ઠીપુત્રનું આગમન એક સાથેજ થાય છે. તેથી સર્વના હર્ષમાં ઉમેરો થાય છે. લીલાવતી ચંદરાજાને પોતાને ત્યાં નોતરે છે, ચંદરાજા જાય છે અને તેને સાસરવાસો કરે છે. અહીં પરસ્પરની ફરજ બજાવાય છે અને તેમાં સ્નેહની ઉત્કર્ષતા સૂચવાય છે.

ચંદરાજા લીલાવતીને ત્યાંથી પોતાને ઉતારે આવે છે. તે રાત્રીએ તેમના શીયલની કસોટી નીકળે છે. તે પ્રસંગ ચમત્કાર ઉપજાવે તેવો છે. તે આપણે હવે પછીના પ્રકરણમાં વાંચશું. અહીં આ પ્રકરણ સમાપ્ત થાય છે. તેમાંથી શું રહસ્ય ગ્રહણ કરવા યોગ્ય છે તે આપણે ઉપર જોઈ ગયા છીએ. કુળવધુનો નિર્મળ સ્નેહ, તેના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિચાર, પતિપ્રેમ, દુર્જનોના સંબંધમાં પણ માધ્યસ્થવૃત્તિ, ગાંત્રીની ફરજ, ઉપ રીનું દબાણ, કુળવધુને શીખામણ ઇત્યાદિ નાના મોટા અનેક પ્રસંગો આ પ્ર ણમાં સમાવ્યા છે; તે લક્ષમાં રાખી તેના સારભૂત વિભાગોને ઉત્તમ જનોએ પો તાની પ્રવૃત્તિમાં મૂકવા યોગ્ય છે. આટલું કહી આ પ્રકરણ સમાપ્ત કરવામાં આવે

## ખમતખામણાના મુનિરાજ તરફથી લખાતા પત્રો.

ખમતખામણાના પરસ્પર પત્રો લખવાનું કામ એટલું બધું વધી પડ્યું કે જેથી કાગળવાળાને,પ્રેસવાળાને અને પોસ્ટવાળાને લાખો રૂપીઆની આવક થ પડેલી છે. તેનો એકંદર આંકડો મૂકીએ તો વખતે સંવચ્છરીના પારણાના ખ કરતાં પણ આ ખર્ચ વધારે થાય છે એમ અમે સ્પષ્ટ કહી શકીએ છીએ. આ કાર્ય તેનો વાસ્તવિક હેતુ કે જે પરસ્પરના વૈરવિરોધ ખમાવી અંતઃકરણને નિર્મ કરવા રૂપ છે, તે જાળવવા માટે થતું હોત તો ગમે તેટલો ખર્ચ પણ ઉપયો ગણાત; પરંતુ આ તો માત્ર પરસ્પરનો વ્યવહાર જાળવવા માટે જ થાય છે અ વૈરવિરોધ તો જેની સાથે પ્રથમનો હોય છે કે નવો થયેલો હોય છે તે તો બન્ને બન્યો જ રહે છે. તેના ઉપર તો પત્ર પણ લખાતો નથી, અથવા લખાય છે માત્ર ઉપરનો દેખાવ કરવા માટે જ લખાય છે. વળી આવા પત્ર છાપેલા વપરા હોવાથી માત્ર લખનારનું નામ જ વાંચવામાં આવે છે, બીજું વંચાતું પણ નથી

આ કાર્યની અસર ગૃહસ્થને થઈને અટકી નથી, પણ સાધુ સાધ્વી ઉપર પણ તે જબરી અસર થઇ છે. તેઓ આરંભ સમારંભનો વિચાર કર્યા સિવાય સ્વનામાંકિ કાગળો ખાસ છપાવવા લાગ્યા છે અને તેને પોસ્ટમાં મોકલવા માટે શ્રાવકો પાસે પુષ્કળ પોસ્ટની ટીકીટો મંગાવવામાં આવે છે. રાગી શ્રાવકો ના પાડી શકતા ન પણ અમને આ કાર્ય અત્યંત નિરૂપયોગી, આરંભવાળું અને શ્રાવકોના પુષ્કળ દ્રવ્ય નિરર્થક વ્યય કરાવનારૂં લાગે છે તેથી અમે નમ્રતા સાથે સૂચવીએ છીએ કે આ રીતે દરેક સાધુ સાધ્વી પરસ્પર પત્ર ન લખે અને માત્ર આગેવાન-મુખ્ય મુનિ પોતાના ગુરૂ ઉપરજ પત્ર લખી તેટલાથીજ સંતોષ માને તો આ કાર્ય પરિમિત જાય. પર્યુષણ પૂર્ણ થાય કે તરત દરેક સાધુ સાધ્વીને જ્ઞાન ધ્યાન તજી દઇ આ ર્યમાં પોતાના વખતનો ભોગ આપવો પડે છે તે મટી જાય, શ્રાવકોના દ્રવ્ય નિરર્થક વ્યય થતો અટકે અને થોડે ઘણે અંશે શ્રાવકની ઓશીયાળ કરવી પડે પત્ર લખી આપનાર શોધવો પડે છે તે પણ દૂર થાય. આશા છે કે આ વિ ઉપર સુજ્ઞ મુનિ મહારાજાઓ અવશ્ય લક્ષ આપશે અને જો આ વિનંતિ વાસ્ત લાગે તો પોતાના પરિવારમાં યોગ્ય આજ્ઞા પ્રવર્તાવશે.

હાલ તો આટલી વિનંતિ કરવી તેજ યોગ્ય લાગે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ' पाटणनी प्रभुता ' विषे अमारो अभिप्राय.

આ બુક ચાલુ વર્ષમાં ગુજરાતી પત્રકારે ૩૨ મી ભેટ તરીકે આપેલી છે. તેના પ્રયોજક **ઘનશ્યામ** નામના વિદ્વાન્ છે. આ બુક સાદ્યંત લક્ષપૂર્વક વાંચી જોતાં તેના વિદ્વાન્ લેખક પોતાની લેખિનીનો ઉપયોગ જૈનધર્મને જનસમુદાયમાં હલકો પાડવા માટેજ કરેલો જણાય છે. લેખકની અસરકારક નોવેલ લખવાની કુશળતા પ્રશંસા પાત્ર છે. પરંતુ તેનો તેમણે તદ્દન દુરૂપયોગજ કરેલો છે. જેટલાં જૈન પાત્ર આ બુકમાં આપેલાં છે તે બધાને દોષમયજ ચીતર્યાં છે. તેમાં પણ **આનંદસૂરિ** નામનું એક કલ્પિત પાત્ર યોજીને તો જૈનધર્મની નિંદા લખવામાં કસરજ રાખી નથી. જૈન ધર્મ કે જે એકાંત દયામય, શાંતિપ્રાધાન્ય, મૈત્રી ભાવને આગળ કરતાર અને અધ્યાત્મની મુખ્યતાવાળો છે અને જે ધર્મનો મુનિવર્ગ કંચન ને કામિનીથી સર્વથા ન્યારો, માત્ર પાદચારીપણે જ સર્વત્ર વિહરનાર, ભિક્ષાવૃત્તિથી વિશુદ્ધ આહાર ગ્રહણ કરનાર અને નિરંતર જ્ઞાનધ્યાનમાંજ મગ્ન રહેનાર—તેમનામાં મુખ્યતા ધરાવનાર સૂરિ ઉર્ફે આચાર્ય તેને આવી કલંકિત સ્થિતિમાં ચિતરીને જૈન ધર્મીઓને એટલું બધું માઠું લગાડ્યું છે કે જેને માટે કયા શબ્દમાં નોંધ લેવી તે મુશ્કેલ થઇ પડ્યું છે.

**આનંદસૂરિ** કે જે તદ્દન કલ્પિત પાત્ર છે તેની પાસે કારણે ને વગર કારણે જૈન ધર્મને અનુસરતા શબ્દો બોલાવી જૈન ધર્મની વારંવાર હાંસી કરી છે. એટલાથી તૃપ્ત ન થતાં છેવટે પ્રકરણ ૨૯ મામાં તેની પાસે દેવપ્રસાદના મહેલમાં અગ્નિનું ઉદ્દીપન કરાવે છે અને છેવટે દેવપ્રસાદ ને હંસાના પ્રાણ જવામાં પણ તેને સહાયભૂત કરે છે. આ કેવી કનિષ્ટતા ! આવું કામ તદ્દન હલકામાં હલકી પ્રતિનો જૈન પણ કરે નહીં તો પછી સૂરિ કે જેનું જૈનમાં સર્વથી સર્વોત્તમ ઉચ્ચ સ્થાન છે, તેની પાસે કરાવવું તે કેવી જૈન ધર્મ પ્રત્યે તિરસ્કાર બુદ્ધિ ! આવી બુદ્ધિ તેમનેજ મુબારક હો !

આ બુકની અંદરના બીજા જૈન પાત્રોને પણ ગર્ભિત રીતે હલકા બતાવવા ઉદીરણા કરી છે. **મીનલદેવી** જૈન હતી એવો પણ સ્પષ્ટ ઉલ્લેખ નથી. વળી **ઉદા મારવાડી** પણ કલ્પિત પાત્રજ જણાય છે. તેને પણ એક મુંબઇના વ્યાજખાઉ અથવા ફેરીયા મારવાડી જેવો ચીતરી તેને પણ જૈન ઠરાવી જૈનધર્મની હીનતા દર્શાવી છે. બુકની અંદર વારંવાર જીન શબ્દ કે જે વાસ્તવિક [1] જિન શબ્દ જોઇએ તે જૈનધર્મની હીનતા દર્શાવવા માટે લખ્યો છે.

આ બુકની અંદર ૩૫ મું પ્રકરણ ખાસ વાંચવા લાયક છે. તેની અંદર પ્રસન્નને જે કળા વાપરી છે અને જે બહાદુરી બતાવી છે તે પ્રસન્નનેજ શોભા આપે છે એટલુંજ નહી પણ લેખકની કલમને પણ શોભાવે છે. આવા લેખકે જો હૃદયથી જૈન ધર્મ વિરૂદ્ધની લાગણી બતાવવા માટે પોતાની લેખનશક્તિનો ઉપયોગ કર્યો ન હોત અને વાસ્તવિક ચિત્ર આલેખવામાં ઉપયોગ કર્યો હોત તો આ બુક એક નમુનેદાર થઇ પડત.

આ અભિપ્રાય એક જૈન તરીકે લખવામા આવ્યો નથી; પરંતુ સત્ય સ્વરૂપને પ્રદર્શિત

---

૧ કર્મશત્રુને જીતનારા હોવાથી જિન—તીર્થંકર કહેવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરેલ છે. અન્ય તટસ્થ વિદ્વાનો પણ એવોજ અભિપ્રાય આપે તેવું છે. સત્ય ને નવજીવનના વિદ્વાન્ તંત્રીએ પણ આને લગતોજ અભિપ્રાય બહાર પાડેલો છે.

આ બુકના સંબંધમાં જૈન કોન્ફરન્સના રેસીડેન્ટ જનરલ સેક્રેટરીએ તેમજ જૈન એસોશીએશન ઓફ ઇંડીઆના ઓનરરી સેક્રેટરીએ ગુજરાતી પત્રના તંત્રી સાહેબ સાથે પત્રવ્યવહાર ચલાવી ઘનશ્યામ નામધારી વિદ્વાન પાસે યોગ્ય શબ્દોમાં તેનું લખાણું પાછું ખેંચાવી લેવું જોઇએ અથવા એ બાબતમાં યોગ્ય પગલાં ભરવાં જોઇએ.

આ પ્રમાણેનો અમારો નમ્ર અભિપ્રાય છે.

---

## શ્રી ભુવનભાનુ કેવલી ચરિત્ર ભાષાંતર.

આ ભાષાંતરની બુક બહુજ રસિક તેમજ સંસારનું તાદૃશ ચિત્ર બતાવી આપનાર છે. ભુવનભાનુ કેવળીએ પોતાના પૂર્વભવનું સંક્ષિપ્ત ચરિત્ર ચંદ્રમૌલિ રાજા પાસે કહેલું છે તેનો આ ચરિત્રમાં સમાવેશ છે. ખાસ વાંચવા લાયક છે. શ્રી વિરમગામ નિવાસી શા. ચુનીલાલ સાકળચંદની આર્થિક સહાયથી બહાર પાડવામાં આવેલ છે. લાઇફ મેમ્બરોને અને જૈન સંસ્થાઓને ભેટ આપવામાં આવશે. પોસ્ટેજ એક આનો. કિંમત છ આના. પાકી છીંટ સાથે બંધાવેલ છે.

## શ્રી યુગાદિ દેશના ભાષાંતર.

આ એક અપૂર્વ ગ્રંથ છે. તેના પાંચ પ્રસ્તાવ છે. તેની અંદર વિષય, કષાય, લક્ષ્મી, સ્ત્રી વિગેરેના સંબંધમાં ઘણી રસિક કથાઓ સમાયેલી છે. પ્રથમ જિનેશ્વરના કુળનું ખાસ વર્ણન છે. આ બુક જૈન ધર્મ પ્રકાશના તમામ ગ્રાહકોને ભેટ આપવામાં આવી છે. કિંમત આઠ આના. પોસ્ટેજ દોઢ આનો.

## શ્રી પ્રિયંકર ચરિત્ર ભાષાંતર.

શ્રી રાણપુરનિવાસી શેઠ નાગરદાસ પુરૂષોત્તમદાસની સહાયથી છપાયેલું આ ચરિત્ર ઉવસગ્ગહરંના માહાત્મ્ય સંબંધે લખાયેલું છે. ઘણુંજ રસિક છે. જૈન ધર્મ પ્રકાશના દરેક ગ્રાહકોને ભેટ આપવામાં આવ્યું છે. કિંમત ચાર આના. પો. અરધો આનો.

---

### ખાસ ખરીદ કરો.

અધ્યાત્મ રસિક બંધુઓ ! અધ્યાત્મ કલ્પદ્રુમ, આનંદઘનપદરત્નાવળી ને જૈન દષ્ટિએ યોગ—આ ત્રણે બુકો ખાસ ખરીદ કરી સાદ્યંત વાંચી લાભ લ્યો. અપૂર્વ બુકો છે.

For Private And Personal Use Only